Digital Copy

કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યુઝપેપર

जननी जन्मभूमिश्च स्वर्गदपि गरियसी

# ગરવી ગુજરાત

Gujarati Weekly Community Newspaper

Vol. 1 | Issue 38 | 07 March 2026 | Sugnesh Patel | +1437-967-0062 | garvigujarat2025@gmail.com | CANADA |

# ગરવી ગુજરાત ડીજીટલ ન્યુઝ પેપર કેનેડા અને શ્રી જગન્નાથજી મંદિર કેનેડાના સંયુક્ત ઉપક્રમે મંદિર પરિસરમાં યોજાયો ભવ્ય હોળી રસિયાનો કાર્યક્રમ



ખૂબ જ આનંદ ઉત્સાહ પૂર્વક પૂર્ણ થયેલ આ કાર્યક્રમ આઈ લવ ગુજરાત પરિવાર તથા મેફિલ્ડ વિલેજ ગ્રુપ તથા સાઉથ લેક સિનિયર ગ્રુપ તથા ક્રિષ્ના વૈષ્ણવ મહિલા ગ્રુપ તથા વૈષ્ણવ દક્ષાબેન રાજા તથા શ્રી સુનિલભાઈ પટેલ, શ્રી કિરીટભાઈ પટેલ, શ્રી મહેશભાઈ જયસ્વાલ, શ્રી અમિતભાઈ ભટ્ટ, શ્રી સુરેશભાઈ ગાંધી, શ્રી અમૃતભાઈ પંચાલ, શ્રી દિલીપભાઈ પરીખ અને શ્રી વિપુલભાઈ શાહ તથા જગુભાઈ પ્રજાપતિ, શ્રી રણજીતભાઈ પટેલ, બાબુભાઈ પટેલ વગેરે નો અભૂતપૂર્વક સહકાર મળ્યો હતો.









# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**28 ફેબ્રુઆરીથી આવતા શનિવાર સુધી**

**મેષ રાશિ** **અ, લ, ઈ** આ અઠવાડિયામાં કામકાજમાં નવી તક મળશે. નોકરી-વ્યવસાયમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવાનો સમય આવી શકે છે. પરિવાર સાથે સમય પસાર કરવાનો મોકો મળશે. ખર્ચ થોડો વધે તેવી શક્યતા છે. સ્વાસ્થ્ય બાબતે ધ્યાન રાખવું.

**વૃષભ રાશિ** **બ, વ, ઉ** આ અઠવાડિયું તમારા માટે મિશ્ર પરિણામ લાવશે. કાર્યસ્થળે જવાબદારીઓ વધશે પરંતુ તેના સારા પરિણામ પણ મળશે. મિત્રો અથવા સગાંઓ સાથે મળવા જવાનો પ્રસંગ બની શકે છે. આર્થિક સ્થિતિ સ્થિર રહેશે.

**મિથુન રાશિ** **ક, છ, ઘ** મિથુન રાશિના લોકો માટે અઠવાડિયું સારા સમાચાર લઈને આવી શકે છે. અટકેલા કામ પૂરાં થશે. વિદ્યાર્થી વર્ગ માટે સમય અનુકૂળ રહેશે. પરિવાર સાથે કોઈ શુભ કાર્યની યોજના બની શકે છે.

**કર્ક રાશિ** **ડ, હ** આ અઠવાડિયામાં થોડું ધીરજ રાખવાની જરૂર પડશે. કામમાં દબાણ વધી શકે છે. ઘર-પરિવારમાં વાતચીતમાં સાવધાની રાખવી. આર્થિક મામલામાં વિચાર કરીને નિર્ણય લેવો.

**સિંહ રાશિ** **મ, ટ** આ અઠવાડિયું સફળતા આપનારું બની શકે છે. નવી યોજના અથવા પ્રોજેક્ટ શરૂ કરવા માટે યોગ્ય સમય છે. સમાજમાં માન-સન્માન વધશે. આરોગ્ય બાબતે નિયમિતતા રાખવી.

**કન્યા રાશિ** **પ, ઠ, ણ** કન્યા રાશિના જાતકો માટે અઠવાડિયું સકારાત્મક રહેશે. નોકરી-વ્યવસાયમાં પ્રગતિ થશે. જૂના મિત્રો સાથે મુલાકાત થઈ શકે છે. પરિવારનું સહકાર મળશે.

**તુલા રાશિ** **ર, ત** આ અઠવાડિયે તમારી મહેનતનું ફળ મળશે. નવા સંબંધો અથવા ભાગીદારીમાં લાભ મળી શકે છે. આર્થિક રીતે સુધારો જોવા મળશે. માનસિક શાંતિ માટે ધ્યાન-યોગ કરવો.

**વૃશ્ચિક રાશિ** **ન, ય** આ અઠવાડિયામાં કેટલાક પડકારો આવી શકે છે, પરંતુ તમે સમજદારીથી તેનો સામનો કરી શકશો. નોકરીમાં ફેરફાર અથવા નવી તક મળી શકે છે. પરિવારનું સમર્થન મળશે.

**ધન રાશિ** **ભ, ધ, ફ, ઢ** આ અઠવાડિયું પ્રવાસ માટે અનુકૂળ છે. કાર્યક્ષેત્રે નવા સંપર્કો બનશે. વિદ્યાર્થીઓ માટે સમય સારો રહેશે. નાણાકીય બાબતોમાં સાવચેતી રાખવી.

**મકર રાશિ** **ખ, જ** આ અઠવાડિયામાં મહેનતનું સારું પરિણામ મળશે. વેપારમાં વધારો થઈ શકે છે. પરિવાર સાથે આનંદદાયક સમય પસાર થશે. આરોગ્ય બાબતે થોડું ધ્યાન રાખવું.

**કુંભ રાશિ** **ગ, સ, શ, ષ** આ અઠવાડિયે નવા વિચારો અને યોજનાઓ સફળ થઈ શકે છે. મિત્રો અને સહકર્મીઓનો સહયોગ મળશે. આર્થિક રીતે લાભની શક્યતા છે.

**મીન રાશિ** **દ, ચ, ઝ, થ** મીન રાશિના લોકો માટે અઠવાડિયું આશાજનક રહેશે. નવા કાર્ય શરૂ કરવા માટે સારો સમય છે. પરિવાર અને મિત્રો તરફથી સહકાર મળશે.

**શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054**
**વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો**

**તંત્રી લેખ**

# વિશ્વ મહિલા દિવસ નિમિત્તે નારી શક્તિને નમન



વિશ્વ મહિલા દિવસ, જે દર વર્ષે ૮ માર્ચે ઉજવવામાં આવે છે, તે માત્ર એક દિવસનો ઉત્સવ નથી - તે નારીના અસ્તિત્વ, ત્યાગ, શક્તિ અને સમર્પણનો અભિવંદન છે. આ અવસર પર ગરવી ગુજરાત ન્યુઝ પેપરના સર્વે મહિલા વાચકોને હાર્દિક અભિનંદન અને હૃદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવીએ છીએ.



નારી માત્ર એક વ્યક્તિ નથી; તે પરિવારમાં પ્રેરણાનો સ્ત્રોત છે. ક્યારેક તે બેટી બની ઘરનું આંગણું હાસ્યથી ગુંજાવી દે છે, ક્યારેક માતા બની સંતાનો માટે અનંત ત્યાગ કરે છે, તો ક્યારેક ધર્મપત્ની બની જીવનયાત્રામાં સાથીદાર બને છે. દરેક સ્વરૂપમાં તે "શક્તિ"નું પ્રતિબિંબ છે. આપણા શાસ્ત્રોમાં માતાને દેવી સમાન માનવામાં આવી છે - કારણ કે નારીમાં સર્જન કરવાની અને સંસ્કાર આપવાની દિવ્ય શક્તિ વસે છે.

વિશ્વ મહિલા દિવસ માત્ર શુભેચ્છાઓ આપવાનો દિવસ ન રહે, પરંતુ સંકલ્પ કરવાનો દિવસ બને. દરેક ગુજરાતી પરિવારમાં નારીને સન્માન, સમર્પણ અને સમજૂતીનો હક્ક મળે - એ જ આ દિવસનો સાચો અર્થ છે. ઘરમાં દીકરી હોય તો તેને સપનાઓ ઉડાન આપવા માટે પ્રોત્સાહન આપીએ; માતા હોય તો તેમના ત્યાગને કદરથી નિહાળીએ; પત્ની હોય તો જીવનસાથી તરીકે તેમની લાગણીઓને માન આપીએ.

નારીને માત્ર એક દિવસ માટે નહીં, પરંતુ આખા વર્ષ દરમિયાન માન-આદર આપવો એ આપણા સંસ્કારની ઓળખ છે. દરેક સ્ત્રીમાં દેવી શક્તિનો અંશ છે - આ ભાવ હૃદયમાં સદા જીવંત રાખીએ.

આ શુભ અવસર પર ગરવી ગુજરાત ન્યુઝ પેપર તમામ વાચકમિત્રોને અપીલ કરે છે કે નારી સન્માનની પરંપરા માત્ર શબ્દોમાં નહીં, પરંતુ વ્યવહારમાં ઉતારીએ. નારીનો આદર કરવો એ સમાજની પ્રગતિનો પ્રથમ પગથિયું છે.

ચાલો, વિશ્વ મહિલા દિવસ નિમિત્તે એક સંકલ્પ લઈએ -

"નારી સન્માન - આપણી ઓળખ, આપણી જવાબદારી."

સર્વે મહિલા વાચકોને ફરી એક વાર હાર્દિક અભિનંદન અને અનંત શુભેચ્છાઓ. તંત્રી શ્રી સુજ્ઞેશ પટેલ ગરવી ગુજરાત ડિજિટલ ન્યુઝ પેપર કેનેડા

**સુજ્ઞેશ પટેલ**
**(તંત્રી શ્રી, ગરવી ગુજરાત ડીજીટલ ન્યુઝ પેપર, કેનેડા) 4379670062**
**garvigujarat2025@gmail.com**

**કેનેડાથી પ્રસિદ્ધ થતું ગરવી ગુજરાત ન્યુઝ પેપર વાંચવા ક્યુઆર કોડ સ્કેન કરો**

**ના સબ બેખબર હૈ, ના હોશિયાર સબ, ગરજ કે મુતાબિક હૈ કિરદાર સબ.**

Sankalan by
Dr Prakashbhai Thakkar Kalol Gujrat

વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઇપણ જાહેરાતના સબંધમાં પૈસા મોકલવા, કોઇ પણ ખર્ચ ઉઠાવવા અથવા કોઇપણ વાયદા દાવા પર અમલ કરતા પહેલાં જરૂરી પુછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ગરવી ગુજરાત જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતું નથી. જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો ગરવી ગુજરાતને કોઇપણ પરિણામ માટે જવાબદારી ગણી શકાશે નહીં.





**આ ભવ્યથી ભવ્ય પ્રસંગ દરમિયાન મંદિરના મુખ્ય મહરાજ શ્રી વિરેન્દ્ર શાસ્ત્રીજી દ્વારા વાયોલીન અને મહારાજ શ્રી અમિતકુમાર શાસ્ત્રીજી દ્વારા તબલા ના ભવ્ય તાલ સાથે ખૂબ આનંદ કરાવ્યો હતો આ પ્રસંગે કૃષ્ણ લીલા નો પણ ખુબ સુંદર પાઠ ભજવવામાં આવ્યો હતો જેમાં શ્રીકૃષ્ણ તરીકે દીનાબેન ગોપાણી તથા રાધાજી તરીકે ઈન્દિરાબેન પરીખ દ્વારા સુંદર રજૂઆત કરવામાં આવી સાથે ગોપ ગોપીઓ તરીકે શ્રી દિપકભાઈ શાહ શ્રી દિલીપભાઈ પરીખ જયશ્રીબેન શાહ શિલ્પાબેન શાહ ફાલ્ગુનીબેન શાહ વિગેરે વૈષ્ણવએ સુંદર સાથ આપ્યો હતો અને ત્યારબાદ મધુર કંઠ નો લાભ મોર્ગેજ એજન્ટ અર્ચના જોશી તથા સુશિલાબેન જોષી દ્વારા આપવામાં આવ્યો હતો અને અધરમ મધુરમ ના તાલે સુંદર નૃત્ય સાથે ભજન રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા**






**આ ભવ્ય પ્રસંગ દરમિયાન કોર્પોરિટર રોડ પાવર એ ખાસ હાજરી આપી હતી તેમની સાથે આવેલ સીંગ પીઝા મિત્રોએ પણ ખાસ હાજરી દ્વારા સૌને પ્રોત્સાહિત કર્યા હતા અંતે તેઓ શ્રી દ્વારા સૌ ભક્તો માટે અલ્પાહાર નું પણ આયોજન કરવામાં આવ્યું હતું સંપૂર્ણ પ્રોગ્રામ દરમિયાન વૈષ્ણવ શ્રી કિરીટભાઈ પટેલ દ્વારા ભવ્ય ફોટોગ્રાફી અને વિડિયો ગ્રાફી કરવામાં આવી હતી અંતે આ ભવ્ય આયોજનમાં પ્રત્યક્ષ અને પરોક્ષ સહકાર આપનાર દરેક ભક્તજનો નો મંદિરના મેનેજર આદરણીય મનીબેન અને ગરવી ગુજરાત ન્યુઝ પેપર ના તંત્રી સુજ્ઞેશ પટેલ દ્વારા આભાર માનવામાં આવ્યો હતો**

# "ભરોસાના વ્યવસાયમાં નફો નહીં, પરંતુ નિષ્ઠા મૂકો - પૈસાનું ફળ પ્રભુ આપે છે"

કોઈપણ વ્યવસાય માત્ર લેવડદેવડનો સોદો નથી; એ તો વિશ્વાસ પર ઉભેલી એક જીવંત સંબંધની રચના છે. જ્યારે સામેવાળો વ્યક્તિ તમારા પર ભરોસો મૂકે છે, ત્યારે એ માત્ર પૈસા નહીં પરંતુ પોતાની આશા, પોતાની જરૂરિયાત અને પોતાની શ્રદ્ધા તમારી સામે મૂકે છે. આ ભરોસાને સાચવવું એ જ સાચો ધંધો છે, બાકી નફો તો એની પાછળ ચાલતો પડછાયો છે. જો તમે દરેક નિર્ણયમાં એ વિચાર રાખો કે "મારા કારણે સામેવાળાને લાભ થાય છે કે નહીં?", તો તમે વ્યવસાય સાથે સાથે માનવતા પણ કમાઈ રહ્યા છો. કારણ કે જે ધંધો બીજાના ફાયદા પર ઊભો થાય છે, એ લાંબો ચાલે છે; અને જે માત્ર પોતાના ફાયદા પર ઊભો હોય, એ થોડા સમયનો જ મહેમાન બને છે.

પૈસા પાછળ દોડશો તો પૈસા ભાગશે, પરંતુ સેવાના ભાવથી કામ કરશો તો પૈસા સ્વયં ચાલીને આવશે. તમે તમારું કામ નિષ્ઠાપૂર્વક કરો, ઈમાનદારીથી કરો અને ભરોસાને ક્યારેય તોડશો નહીં-બાકી તમારા પરિશ્રમનું મૂલ્ય ચૂકવવાની જવાબદારી પ્રભુ પોતે લે છે. કારણ કે પ્રભુનું ન્યાયાલય મૌન હોય છે, પરંતુ ક્યારેય અન્યાય કરતું નથી.

વ્યવસાયમાં નફો જરૂરી છે, પરંતુ નફા કરતા વિશ્વાસ વધારે જરૂરી છે. આજે તમે સામેવાળાનું હિત જુઓ, તો કાલે તમારું હિત આપોઆપ સુરક્ષિત થઈ જશે. જે વ્યક્તિ ગ્રાહકને ભગવાન સમજીને કામ કરે છે, એના ઘરમાં ક્યારેય અછત નથી આવતી—એ અનુભવ છે, માત્ર વિચાર નથી.

અતઃ વ્યવસાય એવો કરો કે સામેવાળાને સંતોષ મળે, હૃદયને શાંતિ મળે અને અંતરાત્મા નિર્ભય રહે. પૈસા મળશે કે નહીં એની ચિંતા તમે ન કરો-એ પ્રભુની જવાબદારી છે. તમારી જવાબદારી તો માત્ર એક જ છે: ભરોસાને ભગવાન સમજીને સાચવવાની.





ABHAY JOSHI Mortgage
Abhay Joshi
(Mortgage Agent Level 2)
AFFINITY MORTGAGE SOLUTIONS INC
INDEPENDENTLY OWNED AND OPERATED
FSRA LIC # 13093
MORTAGE
EXPERT
CONTACT US
UNLOCK YOUR DREAM HOME WITH
EXPERT MORTGAGE GUIDANCE
Residential mortgage
Commercial mortgage
Refinancing, Home equity loans
Business Line of Credits
Business Loans (CSBFL)
And many more
Call today to schedule
a consultation
CELL : (647) 409-5848
Lic #M22003707


THE CANADIAN HOME
Residential ✓
Commercial ✓
Industrial ✓
Turning Realty Dreams to Reality
Vatsal Makes it Happen!
GTA, Hamilton & Beyond
VATSAL DESAI
REALTOR®
+1 (416) 456 4448
RealtorVatsalDesai@Gmail.com
www.vatsaldesairealtor.com
BUY | SELL | LEASE | INVEST

# હોળી મહોત્સવની ભવ્ય ઉજવણી

## રંગોત્સવ સાથે ધાર્મિક કાર્યક્રમો અને પ્રસાદ વિતરણથી ઉજવણી બની યાદગાર

**Vadtaldham Shree Swaminarayan Hindu Temple** ખાતે હોળી મહોત્સવ ખૂબ જ આનંદ અને ઉત્સાહભેર ઉજવાયો હતો. આ પવિત્ર અને સાંસ્કૃતિક કાર્યક્રમ મંદિર પરિસરમાં યોજાયો હતો:

**Unit 3, 2400 Finch Avenue West, North York, ON M9M 2C8**

હોળી ઉત્સવમાં 150થી વધુ હરિભક્તો અને સમાજજનો હાજર રહ્યા હતા. રંગોત્સવ સાથે ભક્તિભાવપૂર્વક ભજન-કીર્તન, પ્રાર્થના અને ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. બાળકો, યુવાનો અને વડીલો સૌએ મળીને આનંદ અને એકતાનું અનોખું દૃશ્ય સર્જ્યું હતું.

મંદિર સંચાલક મંડળ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સૌએ શાંતિ, પ્રેમ અને સૌહાર્દનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમ અંતે પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું અને સૌએ પરસ્પર શુભેચ્છાઓ પાઠવી હતી.

આ રીતે હોળી મહોત્સવે સમાજમાં એકતા અને ભાઈચારાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.







વધુ માહિતી માટે સંપર્કઃ

| | |
|---|---|
| ધવલ સોની<br>647-236-4148 | અજેન્દ્ર પટેલ<br>647-997-7486 |
| સ્થળઃ 2400 Finch Avenue West, North York, ON M9M 2C8, | આયોજકઃ Vadtaldham Shree Swaminarayan Hindu Temple |



# 35+ years of Experience in Insurance Industry

★★★★★

Secure Your Tomorrow by Choosing
Smart Insurance Options with Rajendra



RAJENDRA PARMAR
FINANCIAL ASSOCIATE

## Key Offerings

- Life Insurance
- Super Visa Insurance
- Visitor Visa Insurance
- Critical illness Insurance
- Disability Insurance
- Dental & Health Insurance
- Group Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Segregated Funds & Investment
- Wills & Retirement Planning
- Financial Literacy for Companies
- Mortgages & Budget Planning

FREE INSURANCE QUOTE

** અમે ગુજરાતી બોલીએ છીએ **

RAJENDRA PARMAR

Phone Number:
CANADA : 226-552-9547
INDIA OFFICE :+919879579547
Email :
rajugeeta67@gmail.com

# તાજેતરના CEC ડ્રોમાં CRS કટ-ઓફ સ્કોર બે વર્ષના નીચલા સ્તરની નજીક છે



સંકલન
શ્રી નયનભાઈ બ્રહ્મભટ્ટ
એ એન બી ઈમિગ્રેશન

ANB Immigration Services,
Toronto - Canada
905 230 4737
info@anbimmigration.com




ઇમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC) એ એક્સપ્રેસ એન્ટ્રી સિસ્ટમ દ્વારા અરજી (ITA) કરવા માટે વધુ આમંત્રણો જારી કર્યા છે.

ઇમિગ્રેશન વિભાગે કેનેડિયન એક્સપિરિયન્સ ક્લાસ (CEC) ઉમેદવારો માટે ડ્રોમાં 4,000 ITA જારી કર્યા હતા.

આ ડ્રોમાં વિચારણા માટે, ઉમેદવારો પાસે

લઘુત્તમ કોમ્પ્રીહેન્સિવ રેન્કિંગ સિસ્ટમ (CRS) સ્કોર 508 હોવો જરૂરી છે; અને

24 જૂન, 2025 ના રોજ સવારે 10:35 વાગ્યે, યુનિવર્સલ કોઓર્ડિનેટેડ ટાઇમ (UTC) પહેલાં એક્સપ્રેસ એન્ટ્રી ઉમેદવાર પ્રોફાઈલ બનાવવી જરૂરી છે.

આજનો ડ્રો વર્ષનો બારમો એક્સપ્રેસ એન્ટ્રી પસંદગી છે.

2026 માં એક્સપ્રેસ એન્ટ્રી ડ્રોમાં કેનેડાના ઈમિગ્રેશન વિભાગે મોટાભાગે દેશની અંદરના ઈમિગ્રેશન ઉમેદવારો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, ખાસ કરીને પ્રાંતીય નોમિનેશન અને કેનેડિયન કાર્ય અનુભવ ધરાવતા ઉમેદવારો પર.

| ડ્રોનો પ્રકાર | ડ્રોની સંખ્યા |
|---|---|
| PNP | 5 |
| CEC | 3 |
| ફ્રેન્ચ-ભાષા | 1 |
| CEC અનુભવ ધરાવતા DOCTORS | 1 |
| આરોગ્યસંભાળ અને સામાજિક સેવાઓ | 1 |

2026 માં અત્યાર સુધીમાં, IRCC એ નીચેના ડ્રો પ્રકારોમાં 35,112 + ITA જારી કર્યા છે:

| ડ્રો પ્રકાર | ITA જારી કરાયેલ |
|---|---|
| CEC | 20,000 |
| ફ્રેન્ચ-ભાષા | 8,500 |
| આરોગ્યસંભાળ અને સામાજિક સેવાઓ | 4,000 |
| PNP | 1,798 |
| CEC DOCTOR | 391 |





HOMELIFE
HIGHER STANDARDS
TEAMKAPOOR
Own your Comfort Home
Himanshu Kakkad
himanshukakkad@gmail.com
+1(437)237-9999

# ડે લાઇટ સેવિંગ ટાઇમ



સંકલન
વૈષ્ણવ શ્રી કિરીટભાઈ પટેલ
તથા મોનાબેન પટેલ
કેનેડા




૨૦૨૬માં ડે-લાઇટ સેવિંગ ટાઇમ (Spring Forward) રવિવાર, 8 માર્ચ, 2026 ના રોજ શરૂ થશે.

**મુખ્ય વિગતોઃ**

તારીખઃ 8 માર્ચ, 2026 (રવિવાર).

સમયઃ ઘડિયાળમાં સવારના 2:00 વાગ્યે, સમય 1 કલાક આગળ વધારીને (Forward) 3:00 કરવામાં આવશે.

અસરઃ આ ફેરફાર બાદ સાંજનો પ્રકાશ એક કલાક વધુ સમય સુધી રહેશે, જેને “spring forward” અથવા “daylight saving time begins” તરીકે ઓળખવામાં આવે છે.

નોંધઃ આ સમય ફેરફાર મુખ્યત્વે ઉત્તર અમેરિકા (USA/Canada) માં અમલમાં છે, ભારતમાં નહીં.

ડે-લાઇટ સેવિંગ ટાઇમ (DST) અથવા ઘડિયાળમાં ફેરફાર કરવાના મુખ્ય કારણો નીચે મુજબ છેઃ

કુદરતી પ્રકાશનો મહત્તમ ઉપયોગઃ વસંતઋતુમાં ઘડિયાળને એક કલાક આગળ કરવાથી સાંજના સમયે સૂર્યપ્રકાશ વધુ સમય સુધી રહે છે. આનાથી લોકો દિવસના પ્રકાશનો ઉપયોગ કરીને ઘરની બહારની પ્રવૃત્તિઓ વધુ કરી શકે છે.

ઊર્જાની બચતઃ આ પ્રથા મૂળભૂત રીતે પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન જર્મનીમાં વીજળી અને બળતણ (જેમ કે કોલસો) બચાવવા માટે શરૂ કરવામાં આવી હતી. વિચાર એ હતો કે જો સાંજે વધુ કુદરતી અજવાળું હોય, તો કૃત્રિમ લાઈટોનો ઉપયોગ ઓછો થશે.

આર્થિક ફાયદોઃ લાંબી સાંજને કારણે લોકો વધુ સમય બહાર વિતાવે છે, જેનાથી શોપિંગ, પ્રવાસન અને રમતગમત (જેમ કે ગોલ્ફ) જેવા વ્યવસાયોને આર્થિક લાભ થાય છે.

માર્ગ સલામતી અને ગુનાખોરીમાં ઘટાડોઃ અભ્યાસો મુજબ, સાંજે વધુ અજવાળું હોવાથી માર્ગ અકસ્માતોમાં ઘટાડો થાય છે અને ગુનાખોરીના દરમાં પણ ઘટાડો જોવા મળે છે.

**વિવાદ અને ટીકાઃ**

જોકે આ પ્રથાના ઘણા ફાયદા ગણાવવામાં આવે છે, પરંતુ આધુનિક સમયમાં તેનાથી ખરેખર ઊર્જા બચે છે કે નહીં તે બાબતે નિષ્ણાતોમાં મતભેદ છે. વધુમાં, સમયના અચાનક ફેરફારથી ઊંઘમાં ખલેલ પહોંચે છે અને સ્વાસ્થ્ય પર નકારાત્મક અસરો (જેમ કે હૃદય રોગનો હુમલો કે માનસિક તણાવ) પડી શકે છે.

કેટલાક દેશો આ સમય ફેરફારને કાયમી ધોરણે બંધ કરવાનું વિચારી રહ્યા છે.

Spring Forward (Daylight Saving Time - DST) નો ઈતિહાસ

“સ્પ્રિંગ ફોરવર્ડ” (Spring Forward) એટલે કે ડે-લાઇટ સેવિંગ ટાઇમ (DST) શરૂ થવાની પ્રક્રિયા, જેમાં ઘડિયાળનો સમય ૧ કલાક આગળ વધારવામાં આવે છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય સાંજના સમયે વધુ પ્રકાશ મેળવવાનો અને ઉર્જા બચાવવાનો છે.

**મુખ્ય ઈતિહાસ અને તથ્યો (History and Facts):**

શરૂઆતનો વિચારઃ DST નો મૂળ વિચાર ૧૭૮૪ માં બેન્જામિન ફ્રેન્કલીને આપ્યો હતો, જેમણે મીણબત્તીઓની બચત કરવા માટે લોકોની ઊંઘની આદતો બદલવાનું સૂચન કર્યું હતું.

અમલીકરણઃ સત્તાવાર રીતે DST ની ચર્ચા ૧૯૧૬ માં શરૂ થઈ હતી.

વિશ્વયુદ્ધ અને ઉર્જાઃ અમેરિકાએ પ્રથમવાર ૧૯૧૮ માં પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન ઉર્જા બચાવવા માટે DST દાખલ કર્યું હતું.

વર્તમાન નિયમઃ સામાન્ય રીતે, માર્ચ મહિનાના બીજા રવિવારે ઘડિયાળ ૨ વાગ્યાથી ૩ વાગ્યા સુધી આગળ વધારવામાં આવે છે.

“સ્પ્રિંગ ફોરવર્ડ, ફોલ બેક”: વસંતઋતુમાં (Spring) ઘડિયાળ આગળ વધારવામાં આવે છે અને પાનખર (Fall/Autumn) માં ઘડિયાળ એક કલાક પાછળ કરવામાં આવે છે.

શા માટે ઘડિયાળ આગળ વધારવામાં આવે છે?


લાંબા સાંજના સમયઃ આનાથી સાંજે સૂર્યાસ્ત એક કલાક પછી થાય છે, જેનાથી લોકોને બહારના કામકાજ કે ફરવા માટે વધુ પ્રકાશ મળે છે.

ઉર્જા બચતઃ લાંબા સમય સુધી કુદરતી પ્રકાશ રહેવાથી લાઈટોનો વપરાશ ઘટે છે.

નોંધઃ વિશ્વના માત્ર એક તૃતીયાંશ દેશો જ આ સિસ્ટમનું પાલન કરે છે, જેમાં મુખ્યત્વે યુરોપ અને અમેરિકા સામેલ છે.

EDM Elite Digital Marketing LET'S BE POPULAR
ELITE
PRINT & DIGITAL MARKETING
Lowest Price
• Business Card, Flyers, Brochures, Posters Banners etc.
• All other Printing
• Website Development
• Social Media Management/SEO
• Graphic Design
• Excel VBA consulting
• Automation Project
• Start Up Consulting
facebook Link
Chat
Let's Start!
Parth Patel
647 655 5029
Let's Be popular
Find on Google

# માનવતા મરી પરવારી છે- હું માનવી માનવ થાઉં તો ઘણું





લેખક
ઘનશ્યામ પટેલ (ખુશ)
કેલગરી, કેનેડા


જીવના જોખમે અનેક કષ્ટ વેઠી પુત્ર, પુત્રીનો જન્મ આપનાર માતાના અંતિમદર્શને પણ પુત્ર, પુત્રી આવતા નથી ત્યારે એમ થાય કે શું માનવતા મરી પરવારી છે ? લાગણીઓનું લોકડાઉન થયું છે ? આજે આવી જ એક સત્ય ઘટના અને સમાજની કડવી છતાં વાસ્તવિક હકીકતથી વાકેફ થઈશું. વાત છે એક વૃદ્ધોની સેવા કરતી સેવાભાવી સંસ્થાની, જેમાં વૃદ્ધોને ખૂબ સારી રીતે રાખવામાં આવે છે, તેમની ખૂબ જ સારી કાળજી લેવાય છે.તેના સંચાલક કહે છે મેં મારી સગી માતા ગુમાવી છે પણ આજે મારી પાસે ઘણી માતા છે જેમના આશીર્વાદ મારી સાથે છે. આ વૃદ્ધાશ્રમમાં એક ઉંમરલાયક વૃદ્ધ બહેન રહેતા હતા. તેઓ બીમાર પડ્યા ત્યારે સંચાલકે તેમના પુત્ર અને પુત્રીને તેમની માતાની મુલાકાત લેવા ફોનથી જણાવ્યું. સામે પુત્ર,પુત્રી મળવા આવવા સમય નથી તેમ જણાવી સ્પષ્ટ ના પાડી. સંચાલકે જણાવ્યું કે તમારી માતાની છેલ્લી ઈચ્છા છે તમને રૂબરૂ જોવાની તો તમે આવો, સામે પક્ષેથી સ્પષ્ટ ના પાડી દીધી.થોડા દિવસની સારવાર પછી તેમને બચાવી ન શક્યા અને તેઓ હરિધામમાં ગયા. સંચાલકે પુત્ર,પુત્રીને ફોન કર્યો.તમારા માતૃશ્રીનું અવસાન થયું છે અને અગ્નિદાહ માટે, અંતિમ સંસ્કાર માટે તમે આવો ત્યારે પુત્ર અને પુત્રીએ જણાવ્યું તમારે જે કરવું હોય તે કરજો અમે આવી શકીએ તેમ નથી. આવા એક નહીં ઘણા કિસ્સા મેં સાંભળ્યા છે અને તમને પણ ખબર હશે. મા બાપના અંતિમદર્શન માટે કે અગ્નિસંસ્કાર માટે આવવા તેમની પાસે સમય નથી. એવા આ સંતાનોને શું કહેવું ? માતા-પિતા પરત્વે સહેજ પણ હમદર્દી કે લાગણી નથી. જે માબાપે તેઓને મોટા કર્યા, ભણાવ્યા,પરણાવ્યા, નોકરી ધંધે લગાવ્યા અને અંતે.. ? માનવતા અહીં મરી જ પરવાની છે.એક બાજુ કૂતરા, બિલાડીને ઘરમાં તમામ સગવડો,પૌષ્ટિક ખોરાક આપવામાં આવેછે. મોંઘી ગાડીઓમાં સાથે ફરવા લઈ જવાનો સમય સંતાનો પાસે છે પણ મા-બાપને તેમની સાથે રાખવા નથી. માબાપ ની દવા લાવવા તેની પાસે પૈસા નથી.એક કીડી બીજી કીડીને મદદ કરે છે.પક્ષીઓ પણ તેના પરિવાર સાથે આકાશમાં સાથે ઉડે છે. જ્યારે દીકરા દીકરી તેના વૃદ્ધ મા-બાપ ની સારસંભાળ લેતા નથી. (અપવાદ કેટલાક લે છે.)

આજે ભ્રષ્ટાચારે માઝા મૂકી છે. એન્જિનિયર, કોન્ટ્રાક્ટર પોતાને વધુ નફો મળે, કમાણી મળે તે આશયથી હલકી ગુણવત્તા વાળા સિમેન્ટ અને માલસામાન વાપરી પુલ બનાવે છે, જે

**આધુનિક સુખ-સગવડ અને ભૌતિક વિકાસની દોડમાં માણસ સંવેદના, કરુણા અને માતા-પિતાની લાગણીઓથી દૂર થતો જાય છે; જ્યારે માનવતા જીવંત રહે ત્યારે જ સાચા અર્થમાં માનવી 'માનવ' બની શકે છે.**

થોડાક જ સમયમાં જમીનદોસ્ત થઈ જાય છે.પૈસા પાણીમાં જતા રહે છે અને કેટલાય માનવીનો ભોગ લેવાય છે. દર્દી ડોક્ટરને ભગવાન માને છે પણ આજે આ ડોક્ટર વધુ કમાણી મળે તે માટે ઓછી અસરકારક દવાઓ વધુ નફો કરતી દવાઓ લખે છે. કેટલીક જગ્યાએ દર્દીની કિડની પણ વેચી નાખે છે.દર્દી મૃત્યુ પામ્યો હોય છતાં જીવે છે તેમ બતાવી લાખો રૂપિયાનું બિલ પણ વસૂલ કરે છે.આવા નરાધમ ડોક્ટરો માનવતા ભૂલી શેતાન બની ગયા છે,જેને ભગવાન પણ માફ નહીં કરે. વેપારીઓ પણ વધુ નફો મેળવવાની લાલચે ખોરાકમાં ભેળસેળ કરે છે અને મનુષ્યની જિંદગી સાથે રમી રહ્યા છે. માનવીના આરોગ્યની તેમને કશી જ પડી નથી.રસ્તામાં અકસ્માત થયો હોય ત્યારે બહુ ઓછા મનુષ્ય જ મદદ માટે આવતા હોય છે અને આગળ આવે છે, તેનાથી વધુ તો તેનો વિડીયો ઉતારવામાં મશગૂલ હોય છે. અહીં માનવતા સંપૂર્ણપણે મરી જ પરવારી છે.

હાલ ઈરાન અમેરિકા અને ઈઝરાયેલના યુદ્ધમાં લાખો માનવીના મૃત્યુ થાય છે. જાનમાલની હાની થાય છે.સુપર પાવર બનવાની હોડમાં અહંકારી સત્તાધીશો ના પેટનું પાણી પણ હાલતું નથી.નિર્દોષ માનવીઓએ તેમનું શું બગાડ્યું ? માનવતા જેવું છે જ નહીં.આશા રાખીએ ભગવાન તેમને સદબુદ્ધિ આપે અને યુદ્ધનો સુખદ અંત આવે.આજે માનવી ચંદ્ર પર પહોંચી શકે છે.તમામ સુખ સગવડો અને ભૌતિક સંપત્તિ તેની પાસે છે પણ તેની પાસે શાંતિ નથી. સાચા અર્થમાં માનવી માનવ બની શક્યો નથી. માનવી માનવ થાય તો જ માનવતા પ્રગટ થશે. નિસ્વાર્થ સેવા થશે.અંતમાં હું માનવી માનવ થાઉં તો ય ઘણું...



DP
DHARMENDRA PATEL

# DHARMENDRA PATEL

**FINANCIAL ADVISOR**



**INSURANCE**

Life & Critical Illness Insurance
Mortgage Protection Insurance
Travel & Super Visa Insurance
Disability Insurance
Medical Insurance

**INVESTMENTS**

RRSP, RDSP, TFSA, RRIF & Annuities
Children Education Plans
Estate Planning

Contact : (647) 834-8690
@ Dharmendrapatel@primerica.com

# insureline PEARL

COMMERCIAL HOME AUTO TRAVEL

**Dharmendra Patel** RIBO

M : 647 834 8690
O : 647 507 9219 | F: 647 872 9219
dharma.patel@insureline.com | www.insurelinepearl.com
7900 Hurontario Street, Unit 302 Brampton, ON L6Y OP6
Independently Owned & Operated

# જીવન ના દરેક તબ્બકે વિદ્યાર્થી રહો






લેખક
પરેશભાઈ શાહ
વડોદરા



આપણા ક્રિયાના માર્ગે, કર્મન્યતા, કર્તવ્યની કેડી, પ્રથમ ડગ હંમેશા નજીકના સ્તરેથી શરૂ થાય છે, પરંતુ તમારે કઈ પણ કરતા પહેલા મોટાભાગના લોકો માટે, સમગ્ર સ્તરે, સાર્વજનિક કલ્યાણ વિચારસરણીથી કાર્ય કરવું જોઈએ. અને આ વૃત્તિ, આ અભિગમ, આ અભિયાન કોઈ પણ વિચારધારા દ્વારા શીખવી શકાતું નથી.. કેમકે શીખવું, learning સ્વ કેળવણીનો વિષય છે.. એ ભલે સ્વ કેન્દ્રિયતા દ્વારા સરળ છે, પણ જે એ પ્રક્રિયા દ્વારા જે શીખ છે, તે સર્વ હિતકારી બનવી જોઈએ !

આપણે જે જીવન જીવીએ છીએ, અનુભવીએ છીએ. તે જ્યારે ભાવ અભિવ્યક્તિમાં આવે છે ત્યારે એ અર્થસભર બને છે અને અસરકારક નીવડે છે ! અનુભવીને બોલવું (લખવું) અને વિચારીને બોલવું (લખવું) એ બે અંતિમોની અભિવ્યક્તિ છે. અને આ એવી learning છે, આ એવી કેળવણી છે, જે અભિગમ અને સ્વંય શિસ્તના સતત અભ્યાસ વડે સહજ બને છે.

જે સતત બીજાઓ પર દોષારોપણ કરતા રહે છે. એમણે જીવન-યાત્રામાં ઘણું શીખવાનું બાકી છે. જે પોતાને દોષ દીધા કરે છે. એ જીવન-યાત્રામાં હજુ અડધે જ પહોંચ્યા છે, જો આમ જ રહ્યું તો આગળનો માર્ગ વધુ કઠિન રહેશે ! જે કોઈને પણ દોષ નથી દીધા કરતો, દોષારોપણ નથી કરતા રહેતા, એ ઉંમરના કોઈ ગણતરી વગર એમની જીવન યાત્રાના સંતોષ-પ્રદ મુકામે આવી ગયા છે !

પહેલો, પરપીડન વૃત્તિ ધરાવતું માંદલુ સ્વ-કેન્દ્રી વ્યક્તિત્વ છે, બીજો, સ્વ-પીડન વૃત્તિ ધરાવતો છતાં જવાબદારી સમજતું વ્યક્તિત્વ છે, ત્રીજો, સમય સંજોગ પરિસ્થિતિ વ્યક્તિને as it is, જેવા છે તેવા,. પૂર્ણ સ્વીકાર-ભાવ ધરાવતા વ્યક્તિત્વ છે.

શીખવાની, કેળવણીની અભ્યાસ માટેની અનેક વિકલ્પ હોય છે, પસંદગી વ્યક્તિએ કરવાની છે !.

“જોડે” “સાથે” અને “સંગ”માં રહેતા શીખવું પડે તો એ ક્યાંક માણસ તરીકેની કચાશ છે, આ આવડત તો by default જન્મ સાથે જ વણાયેલી જ હોય. જન્મ પછી પ્રથમ પરિચય એવી માં સાથે અને જોડે રહેતા જેમ માણસને automatic આવડે છે. તેમ પરિચય અને વ્યવહાર વધતા સંપર્કમાં આવતા એકેએક જીવંત અને જડ જોડે, કુદરત અને દિવ્ય જોડે અને સાથે પલ પલ રહેતા અને જીવતા આવડવું જ જોઈએ. એક વૃક્ષનો છાંયડો ગમે અને બાજુના વૃક્ષનો છાંયડો ન ફાવે એમાં સ્વંયની કેળવણીની ક્યાંક ખામી સર્જાઈ છે.

શીખવું, સતત શીખતાં રહેવું એ આપણી જિંદગી ની સ્વાભાવિક જરૂરિયાત છે. જીંદગી ને નવીનતા તાજગી માટે પણ કંઈક નવું શીખેલું જાણેલું કામ લાગે છે. જાણે અજાણે લોકો ના સંપર્ક માં આવતા, વહેવાર માં મુકાતા આપણે બધા પાસે થી કશુંક મેળવતાં રહીએ છીએ, એજ learning છે. કોઈ પણ બાબત માટે માહિતી જ્ઞાન અને કૌશલ્ય મેળવો તો એ શીખવા ની વ્યાખ્યામાં બેસે છે..

ફક્ત પુસ્તકો કે એવું સંબંધિત સાહિત્ય, કે કોઈ નક્કી શિક્ષક સમજાવે શીખવાડે એ જ શિક્ષણ કે એજ શીખવાડી શકે એવું નથી.

નાનું બાળ જ્યારે હસે છે, કશી માગણી કરે છે ત્યારે પણ આપણે કંઈક શીખીએ છીએ, અને બસ ની ગિરદીમાં જ્યારે કોઈ સંકડાસ સહીને પણ તમને જગ્યા આપે છે ત્યારે તમે કશુંક શીખો જ છો. શીખેલું ક્યારેક વારંવાર અને મોટેભાગે કાયમ કામ લાગે જ છે..

મારા તમારા અને આપણાં બધાના વાણી વર્તન અને અભિગમ, વિચાર અભિવ્યક્તિ હાવભાવ અને સંવેદના વ. પરસ્પર એકબીજાને કશુંક શીખવાડે છે જે આપણે આપણી ક્ષમતા પ્રમાણે, નિખાલસતા અને સ્વીકાર ની ભાવના પ્રમાણે તથા કેટલા open minded છે તે પ્રમાણે શીખીએ છીએ, સમજીએ છીએ અને જરૂરીયાત પ્રમાણે વર્તન માં ઉતારીએ છીએ.

નાનું બાળક બહુ જ ઝડપ થી એ શીખી લે છે કે શું કરવાથી શુ મળે, તો આપણે બીજા બધાં સ્હેજ સરખી ઉમરવાળા અને ઉંમર ના કોઈક નિશ્ચિત પડાવે પહોંચેલા કેટલી ઝડપ થી ઘણું બધું શીખી શકીએ ! સાચુકલી જિંદગી માં અમુક ઉંમરે અને માનસિકતા ને કારણે વ્યક્તિ saturate થઈ જઈ પોતે શ્રેષ્ઠ, સર્વજ્ઞ થઈ ગયો એમ માની લે છે અને એના સ્વીકાર ની, શીખવાની ઈચ્છા જ મરી પરવડે છે અને એ સાથે જ એ contemporary જગત માં થી ધીરી exit તરફ પગ મૂકે છે.

અત્યાર ના સંજોગો માં જો આપણે નવી નવી ઉભરાતી technology ને ન સમજી શકો, ઉપયોગ માં ન લઈ શકો,. તો ધીરે ધીરે એકદમ સહજ પ્રક્રિયા દ્વારા તમે બધા થી છુટા પડતા જશો, out of date થઈ જશો. સતત શીખવું અને એને વર્તનમાં રાખવું એ જીવન છે. દરેક ક્ષણ જીવન છે. દરેક ક્ષણ આપણને કશુંક શીખવાડે છે. શીખતાં રહી વહેતા રહી તાજા રહેવું, કે શીખવાનું બંધ કરી સ્થિર થઈ તળાવ ના પાણી જેમ સડવું એ આપણી પોતાની પસંદગી છે. જરૂરિયાત એમ સૂચવે છે કે સતત કંઈક શીખો.

જિંદગી અસહ્યને સહન કરતા શીખવે એ કરતા સ્વંય સહન શક્તિ વધારવી અને અસહ્ય ને સહ્ય બનાવતા શીખવું એ અગત્યની બાબત છે. કકલાટીયા, કજિયારા, કંકાસીયા, કઠોર વજપાત જેવા અસભ્ય અસંસ્કારી શબ્દોને સાંભળી લેવાની ટેવ પાડવી. ધિક્કાર, નફરત, ગુસ્સાને કોઈ પ્રતિશોધની ભાવ વગર સાંભળવો, સમજવો. એ બધું આખરે તો જીવન સાફલય જ છે, એ બધું સરવાળે જીવનની સાર્થકતા છે. અઘરું છે પણ કરવા લાયક છે.

ગુસ્સા સામે અકારણ ગુસ્સો એ સ્વંયનું લોહી બાળવા સમાન છે, બીજાના વાંકે પોતાને દંડીત કરવા જેવું છે. કોઈ ઈર્ષાળુ નફરતભરી આંખમાંથી ઝેર ઓકતો રહેતો હોય તો એની સામે આપણો મહામુલો સમય વેડફવાનો સીધોસાદો અર્થ છે આપણી પોતાની અપરિપક્વતા.

જીવનની ઉજવણીની ચાહ સતત શીખતાં રહેવામાં stilulant બને છે, ઉદ્દીપક બની રહે છે, પણ નૈરાશય, ઉદાસીન ભાવ, સાથ સંપર્કનો અણગમો વ. લક્ષણો જીવનને સ્વત: સ્વંયગતિક કઈક શીખતાં અટકાવે છે. જે ક્ષણે learning બંધ થઈ રહે છે, જીવનની પતંગ ઊંચા આસમાનથી ધરાશાયી થવા માંડે છે.

# Southlake Seniors Club Canada Foundation


Not For Profit Organization

Age is an Attitude, Embrace the Experience

Presents

Funded by the Government of Canada's New Horizons for Seniors Program | Canada

## MENTAL HEALTH AWARENESS FORUM




## OUR SENIORS OUR PRIDE



## MUSIC, DANCE, SEMINAR & MANY MORE...

LOTS OF FUN, FOOD & SEMINAR ALONG WITH ENTERTAINMENT

WITH SNACKS & DELICIOUS VEG. FULL THALI FOR MEMBER'S **FREE**

March 14, 2026
SATURDAY
From 1.00 pm To 5.00 pm

At : JIM ARCHDEKIN RECREATION CENTRE
292 CONESTOGA DR, BRAMPTON L6Z 3M1


Contact : Amit Bhatt : 647 298 9887, Rehana Hafeez : 647 620 8412
Bharat Sharma : 647 706 0067, Milind Dave : 905 783 2762
Neelam Rampal : 437 267 6556, Hemant Raigangar : 647 208 8616
Parbatbhai Borad : 905 965 7799, Ranjit Patel : 647 509 7686

# વ્યક્ત અવ્યક્ત



લેખકઃ જિતેન દેસાઈ
ભાયલી, વડોદરા
મો. નં. ૯૭૨૪૩૩૪૮૮૪
Email : jitdarsh@gmail.com

## અવ્યક્ત લાગણીઓ, વિશ્વાસ અને ત્યાગની અનોખી સફર



કોમલ મારાં ધારવા કરતા પણ હોશિયાર અને બોલ્ડ હતી. મારાં ઉપકાર હેઠળ હમણાં જ હતી પણ ફ્રેન્કલી અસંમત થતી હતી.

ના કોમલ, તમે એવું નહોતું કર્યું એટલે સહન કરતા હતા. સહન કરવાના કારણો હશે, પણ મેં જરાપણ ફર્ક પડતો હોય તો લેટ ગો ન કરો, લડી લો એવુ કહયું. હવે કરજો એવું.તમે પોતાને શ્રેષ્ઠ સમજો. અને એવું જ બોડી લેન્ગવેજ રાખો. ભલે અભિમાની લાગો. પણ એથી તમને સારુ ફીલ થશે. આત્મવિશ્વાસ વધશે. બીજા માટે થોડા ઘસાઈ જાઓ. તમે અત્યાર સુધી એક જણ માટે કે એના કુટુંબ માટે ઘસાયા હશો અને તમને એના માઠા ફળ મળ્યા. એને લીધે તમારી માન્યતાઓ બની હશે એ ખરું, પણ હવે ચેઈન્જ થાઓ. હવે તમારે તમારા માટે તમારી રીતે જીવવા નું છે. તો એ રીત તમને ખુશ રાખે એવી તો હોવી જોઈએ ને? તમે બીજા ને હેલ્પ પણ ન કરો અને બીજાની હેલ્પ લો પણ નહિ એવુ તો ન ચાલે ને? તમે બીજા પ્રત્યે કઠોર બનો તો બીજા પણ તમારી પ્રત્યે કઠોર જ બનશે ને?

કોમલ મને તાકી રહેલી એના હોઠને ખૂણે આવીને અટકી ગયેલા જરાક અમથા સ્મિત સાથે. સર, આજ સુધી મને આવી સ્પષ્ટ રીતે કોઈએ સમજાવી નથી. અને તમે અનુમાનથી જ મારા વિશે કેટલું જાણી લીધું! તમે ખોટા નથી. થૅન્ક યુ સર.

હું માનસી પાસે થી તમારી વાત જાણતો રહીશ બસ તમે ને અદિતિ ખુશ રહો.

કોમલે એનો હાથ મારાં હાથમાં આપતા કહયું સર પ્રોમિસ. હું ખુશ પણ રહીશ અને ચેઈન્જ પણ થઈશ. સર દીદી પાસે થી શું કરવા મારી વાત જાણશો, આપણે મળતા રહીશું જો તમને ટાઈમ હોય તો, અનુકૂળતા હોય તો. દીદી કહેતા હતા કે તમે બહુ બીઝી હો છો. મારે માર્ગદર્શન ની જરૂર પડશે.

મેં કહયું, હા ટુરિંગ રહે છે પણ દોસ્તો માટે ક્યારેય બીઝી નથી હોતો. હા કોમલ આપણે મળીશું અને હું શેર કરીશ ને તમારો ઈન્ટરેસ્ટ. પણ પ્લીઝ ઈન્ટરેસ્ટ લેજો.

સ્યોર સર. હું જાણી શકી કે તમે ફક્ત વાત કરવા માટે નથી કહયું મને આ બધું.

માનસી એ મને કહેલું. કોમલ હવે થોડી ખુશ રહેતી હોય છે. સાહિત્યમાં અને સંગીતમાં રસ લેતી થઇ છે. પહેલા જેવી ચિડાતી નથી. ક્યારેક હસી ને વાત કરે છે. મને કહેતી હતી દીદી સર ને થેન્ક યુ કહેજો. એમણે જ મને ચેઈન્જ કરી.

માનસી બોલી મને થયું મિતેનની મોટીવેટ કરવાની સ્કિલ કામ કરી રહી છે.

યાર, આ કોમલને સમજાવવી કે મોટીવેટ કરવી એટલું સહેલું નથી. એ દિવસે આ બધું સમજાવતા પણ એ બહું દલીલ કરતી હતી.

એક વાત છે મિતેન, જબરી તો છે કોમલ. ડિવોર્સમાં એનો પણ વાંક હશે. એક હાથે તાળી ન પડે.

ના, માનુ, સંજોગો એ એને કઠોર બનાવી છે. છે બહુ નાજુક અને ઈમોશનલ. એણે બહુ સહન કર્યું હશે. હા સ્વમાની છે અને કુશાગ્ર બુદ્ધિ ની એટલે ક્યારેક એના સન્માન ને ઠેસ પહોંચતી હશે ત્યારે બોલતી હશે. એ તો તું પણ ના કરે?

આ જ તારી ખૂબી છે મિતેન, તું બેલેન્સ વિચારી શકે છે. કોમલ દિવસમાં બે ચાર વાર તો તારી વાત કાઢે જ છે. પ્રભાવમાં તો આવી હશે.. મિતેન તું જેન્યુઈન છે એટલે જ તારો પ્રભાવ પડે છે.

મને થયું કોમલ ને પણ આવું લાગ્યું હશે એટલે જ કોમલે કહેલું કે દીદી પાસે થી શું કરવા મારી વાત જાણશો, આપણે મળીશું ને ? છતાં પણ મે મળવાનું ટાળ્યું.

એક વખત હું માનસીને લેવા એની સ્કૂલે ગયો ત્યાં કોમલ મળી ગઈ.

સર દીદી નો તો ક્લાસ છે ટાઈમ લાગશે. ચાલો કોફી લઈએ. અમે સ્કૂલના કેફે માં ગયા.

કોમલ, ગુડ તમે થોડા તો બદલાયા છો એવું માનસી કહેતી હતી.

હા સર પણ હજુ કંઈક ખૂટે છે.

શું ખૂટે છે એ મને ખબર છે કોમલ. તમે જાતે શોધજો, મળી જશે, ખૂટતી કડી.

કોમલ નાટકીય રીતે બોલી સર, તમે પરમ જ્ઞાની છો. અને ખુલી ને હસી પડી.

સારુ લાગે છે બાલિકે, તમને ખુશ જોઈ ને મિતેન પ્રસાદ સ્વામી ખુશ થયાં.

કોમલ અને હું જોરથી સાથે જ હસી પડ્યા. કેફેમાં બધા લોકો અમારી બાજુ જોવા માંડ્યા.

સર, ઘણા ઘણા વખત પછી આટલું ખુલી ને હસી. સર થેન્ક યુ.

તમારી સ્કૂલના જે લોકો અહીંયા છે એમને તો નવાઈ લાગી હશે ને?

હા સર પણ લોકોની ચિંતા હવે કરે કોણ?

મેં મારો કોલર ઊંચો કરતા કહ્યં ધેટ્સ લાઈક માય ગર્લ. અમે પાછા હસ્યાં.

પછી કોમલ જે ફિલ્ડમાં રસ લઇ રહી હતી એના વિષે વાતો કરી. આમ પણ હું સિન્સિયર લિસનર છું. લોકોની વાત સાંભળું અને એમાં ઈન્ટરેસ્ટ લઈ પ્રશ્નો પણ પૂછું. કહેનાર ને ખરેખર સારુ લાગે. અને આ તો કોમલ હતી જે મને ગમવા માંડેલી. મેં કહેલું કોમલ તમે સંગીત સાંભળો, જોડે ગણગણાવી લો એ બરાબર પણ શાસ્ત્રીય સંગીત શીખો. તમારી સાથે વાત કરતા લાગે છે કે તમારો અવાજ મધુર છે. તમને પોતાને ગાવાનું સારું લાગશે, સાંભળવા કરતા. ધ્વનિ અને માનસી બંને સાથે સંગીત શીખવા જતા અને બંને વિશારદ સુધી પહોંચેલા. માનસી પાસેથી એ સંગીતના ટીચરનો રેફરન્સ લઇ ને વાત કરાવી દેજો.

સર, જરૂર હું શીખીશ. કોમલે મેસેજ કરેલો એટલે માનસી એ કેફે ની બહાર આવી કોમલ ને મિસકોલ કર્યો.. કોમલ કહે દીદી આવી ગયા સર ચાલો. આજે ખરેખર ટાઈમ ક્યાં પાસ થઇ ગયો ખબર જ ન પડી. ઓછો પડ્યો ટાઈમ. સર પાછા મળીશું ને?

બહુ જલ્દી કોમલ, મને પણ સારુ લાગ્યું તમારી સાથે વાતો કરતાં.

અમે હસતા હસતા બહાર નીકળતા હતા. માનસી કહે વાહ કોમલ મેડમ તો ખીલી ઉઠ્યા ને.

દીદી, સર ની કંપનીમાં કોઈ પણ ખીલી ઉઠે.

અમે દિવ્યાને મળ્યા ત્યારે એ બોલી માનસી મેડમ પ્રોગ્રેસ રિપોર્ટ કાર્ડ બતાવો, આપણાં મોટિવેશનલ એક્સપર્ટનો.

માનસી કહે યાર હજુ તો બીજી વાર કોમલ ને મળ્યો અને એ તો બદલાવા લાગી. દિવ્યા, મને તો કોઈકે કહયું કે મિતેન અને કોમલ કેફેમાં વાતો કરતા ખુબ જ હસતા હતા. શું જાદુ કર્યો?

મેં કહયું કંઈ નહિ, એની વાતોમાં ઊંડે સુધી ઈન્ટરેસ્ટ લીધો.

દિવ્યા બોલી જોજે મિતેન એની સાથેના રિલેશનમાં ઊંડે સુધી ઉતરી ના જતો.

ના દિવ્યા, એને મિતેન માટે માન જરૂર થયું હશે પણ બીજું કંઈ ન હોય શકે. કોમલ પરિપક્વ છે.

હા પણ માનસી, સ્ત્રી પુરુષ વચ્ચે દોસ્તી, માન અને પ્રેમ ને અલગ થી સમજવા મુશ્કેલ છે. એ પાતળી ભેદ રેખાને તું સમજજે.

મેં મનમાં વિચાર્યું, એક ડર તો છે, ક્યાંક કોમલ મને એક તરફી પ્રેમ કરવા માંડે એનો. કેફેમાં એનું વર્તન મારા માટેના માન કરતાં કંઈક વધારે હતું. પણ મારા યે ખ્યાલ બહાર એ મને ગમેલું. એનું હોઠને ખૂણે આવીને અટકી ગયેલું સ્મિત મારાં માનસપટ પર અંકિત થઈ ગયેલું.

કોમલે માનસી સાથે સંગીતના ક્લાસ ની વાત કરી અને માનસી જ્યાં જતી એ ક્લાસમાં એડમિશન લઇ લીધું.

કોમલે કહેલું દીદી તમે સિંગિંગ કરો છો? સ્કૂલના એન્યુઅલ પ્રોગ્રામમાં ગાવું પડશે.

હા આપણે બંને સાથે ગાઈશું ઉત્સવ ફિલ્મ નું લતા આશા એ ગાયેલું ગીત.

દીદી, સર તમને મોટીવેટ કરતા હશે ને?

યસ ખુબ જ. આ જોબ ની મને ક્યાં ફાઈનાન્સીયલી જરૂર છે? પણ ટીચિંગ મારી હોબી છે. તો મિતેને આગ્રહ કર્યો કે મારે આ જોબ કરવી જ. જેન્ડર ડિસક્રિમીનેશન નો તો સૌથી ઉગ્ર વિરોધી છે. અદિતિ ના એડમિશન વખતે એણે મને કહેલું કે કોમલ તારી ફ્રેન્ડ છે એટલે નહિ પણ આ દીકરી ડિઝર્વિંગ છે એટલે મારે આ કામ કરવું જ પડે.

દીદી કેટલા નસીબદાર છો તમે. આવા પણ હસબન્ડ હોય?

કોમલ એકદમ ઈમોશનલ થઈ ગયેલી. આંખમા પાણી આવી ગયેલા.

દીદી હું ગુંગળાતી હતી. કંઈ કરવા ના દે. એને એમ કે મારાથી હોશિયાર વાઈફ છે તો મારી ઉપર હાવી થઈ જશે. એના ફ્રેન્ડ પણ એવા. જાહેરમાં બોલે કે બૈરું ને તો બુટની એડી નીચે જ રાખવું પડે. દીદી ચીતરી ચડતી આવું સાંભળી ને. ભણેલા લોકો આવું વિચારે?? કેટલા વર્ષો કાઢ્યા દીદી આવા વાતાવરણમાં. હિંમત જ નહોતી થતી ડિસિશન લેવાની અને પેરેન્ટ્સ પણ એમ કહે ચલાવી લેવાનું.



કોમલ, બહુ વિપરીત છે આપણો સમાજ. કેટલીયે કોમલોની જિંદગી બગડતી હશે? મા બાપે સમજવું જોઈએ અને આવી રીતે દબાતી સ્ત્રી ઓ એ પણ. જો પોતે સક્ષમ હોય તો અને નહિ હોય તો, પોતાને સક્ષમ કરી ને આવા કીચડમાંથી જલ્દી જ નીકળી જવું જોઈએ. કોમલ તું અભિનંદનને પાત્ર છે. છોડ કડવી યાદો. તને હવે દિશા મળી ગઈ છે. ક્યારેક તારી જેમ દબાતી સ્ત્રી ને હેલ્પ કરજે કીચડમાંથી નીકળવા, એ જ તારું તર્પણ છે.

કોમલ માનસીના ખભા પર માથું મૂકી ને ખુબ રડી એ દિવસે.

માનસીને પણ હવે કોમલ એની નાની બેન લાગવા માંડી. સ્કૂલમાં બંને સાથે જ હોય. એમનામાંથી કોઈ એક જણ ને કોઈ સાથે મતભેદ થાય, દલીલ થાય તો બીજી જવાબ આપે. સ્કૂલમાં એમને લોકો જય વીરુ ની જોડી કહેતા.

હું અને કોમલ મળતા રહેતા. બહુ ઉત્સાહથી એ એની હોબીની વાતો કરતી. હું ઈન્ટરેસ્ટ લેતો. પ્રશ્નો પૂછતો અને સલાહ આપતો. હું હવે કોમલ ને તુંકારે બોલાવતો. મને કોમલને મળવાનું એની સાથે વાતો કરવી ગમવા માંડ્યું. મળવાનું નક્કી કરવા કોમલ ફોન કરતી અને હું એ ફોનની આતુરતાથી રાહ જોતો. કોમલ ખુશ રહેતી. અને મને જ ખબર નહોતી પડતી કે કોમલ ને ખુશ જોઈ ને મને શું કરવા વર્ણવી ન શકાય એવી અનુભૂતિ થતી.

સિવિલ હોસ્પિટલમાં ગરીબ દર્દીઓની સેવા કરતી એક એન. જી. ઓ. માં હું ટ્રસ્ટી હતો. મેં કોમલને એમાં સ્વયં સેવક તરીકે જોડી. થોડા વખતમાં તો કોમલને દર્દીઓની સેવા અને ટ્રસ્ટના એડમિનિસ્ટ્રેશનના કામમાં મઝા આવવા લાગી. અમારું મળવાનુંયે એથી વધી ગયું.

હું પુસ્તકોનો ખુબ જ ઉત્સાહી વાંચક રહ્યો છું હું અને માનસી ટાઉનની પુસ્તક પ્રેમીઓની ક્લબમાં એક્ટિવ રહેતા. કોમલને પંણ વાચવાનો શોખ હતો જ. એ પણ ક્લબમાં જોડાઇ. અઠવાડિયે એકાદ વાર કોઈ ને કોઈ સભ્ય એમણે વાંચેલા પુસ્તકનું વિવરણ આપતા. મેં કોમલને એમ કરવા પ્રોત્સાહિત કરી. એણે આપેલું પુસ્તક વિવેચન બધાને બહુ ગમ્યું.

સંગીતમાં કોમલે કરાઓકે ગ્રુપમાં ગાવાનું શરુ કર્યું અને થોડા વખતમાં તો શો મા ભાગ લેવા માંડી.

વધુ આવતા અંકમાં






# શ્રીકૃષ્ણ અને સુદામા ના મિત્રતાનો એક પ્રસંગ.. લેખ વાંચીને સૌની આંખોમાં આંસુ હશે...



સંકલન
વૈષ્ણવ શ્રી ભદ્રેશભાઈ શાહ
ગોધરા ગુજરાત



**નિઃસ્વાર્થ મિત્રતા, ત્યાગ અને પ્રેમનું અનોખું પ્રતિક એટલે શ્રીકૃષ્ણ અને સુદામાનું બંધન; જ્યાં મિત્રના સુખ માટે પોતે દુઃખ સ્વીકારી લેવાની ભાવના માનવ જીવનને સાચો અર્થ આપે છે.**

સુદામા સાથે વાતો કરતા કરતા શ્રીકૃષ્ણ ક્યારે તેમના પગ દબાવવા લાગ્યા, એ વાત સુદામાને ખબર જ ન પડી. સુદામા તો ઊંઘી ગયા હતા, પરંતુ કૃષ્ણ પોતાની જ વિચારોમાં લીન થઈ તેમના પગ દબાવતા દબાવતા બાળપણની વાતો કરતા જતા હતા. એટલામાં જ રુક્મિણી એ તેમના ખભા પર હાથ મૂક્યો.

કૃષ્ણ ચોંકી ગયા. પહેલા તેમણે રુક્મિણીને જોયા, પછી સુદામાને, અને વાત સમજીને ત્યાંથી ઊભા થઈ પોતાના કક્ષમાં આવી ગયા.

કૃષ્ણની આવી લીન અવસ્થાને જોઈને રુક્મિણીએ પૂછ્યું,

"સ્વામી, આજે તમારું વર્તન બહુ જ અદભુત લાગી રહ્યું છે.

તમે, જે આ દુનિયાના સૌથી મોટા સમ્રાટ દ્વારકા આવે ત્યારે પણ જરાય પ્રભાવિત થતા નથી, તે તમારા મિત્રના આગમનની જાણથી એટલા ભાવવિભોર થઈ ગયા કે ભોજન છોડીને નંગા પગે તેને લેવા દોડી ગયા.

તમે, જેમને કોઈ દુઃખ, કષ્ટ કે પડકાર ક્યારેય રડાવી શક્યા નથી, અહીં સુધી કે ગોકુલ છોડતી વખતે માયા યશોદાના આંસુ જોઈને પણ તમે ન રડ્યા,

તે તમે તમારા મિત્રના જીર્ણ-શીર્ણ અને ઘાવોથી ભરેલા પગ જોઈને એટલા ભાવુક થઈ ગયા કે તમારા આંસુઓથી જ તેના પગ ધોઈ નાખ્યા.

કૂટનીતિ, રાજનીતિ અને જ્ઞાનના શિખર પુરુષ તમે, તમારા મિત્રને જોઈને એટલા મગ્ન થઈ ગયા કે કોઈ વિચાર કર્યા વિના તેને ત્રિલોકની સમસ્ત સંપત્તિ અને સમૃદ્ધિ આપવાનું નક્કી કરી લીધું."

કૃષ્ણ પોતાની એ જ આનંદિત અવસ્થામાં બોલ્યા,

"તે મારો બાળપણનો મિત્ર છે, રુક્મિણી."

"પણ બાળપણમાં તો તેમણે ગુરુ માતાએ તમને બંનેને વહેંચીને ખાવા કહેલા ચણાં પણ તમારી પાસેથી છુપાવીને ખાઈ લીધા હતા ને? તો હવે એવા મિત્ર માટે એટલી ભાવુકતા કેમ?" સત્યભામાએ પણ પોતાની જિજ્ઞાસા વ્યક્ત કરી.

કૃષ્ણ સ્મિત કરતાં બોલ્યા,

"સુદામાએ એવું કાર્ય કર્યું છે, સત્યભામા, કે સમગ્ર સૃષ્ટિએ તેનું આભાર માનવું જોઈએ. તેણે એ ચણાં ભૂખને કારણે નથી ખાધા, પરંતુ તેથી ખાધા કે તે નથી ઈચ્છતો કે તેનો મિત્ર કૃષ્ણ દરિદ્રતા જુએ.

તેને ખબર હતી કે એ ચણાં આશ્રમમાં ચોરો છોડી ગયા હતા, અને તેને એ પણ ખબર હતી કે એ ચોરોએ એ ચણાં એક બ્રાહ્મણીના ઘરમાંથી ચોર્યા હતા. તેને એ પણ ખબર હતી કે એ બ્રાહ્મણીએ શ્રાપ આપ્યો હતો કે જે કોઈ એ ચણાં ખાશે, તે જીવનભર દરિદ્ર રહેશે.

સુદામાએ એ ચણાં મારી પાસેથી છુપાવીને ખાધા જેથી હું સુખી રહું. તે મને ઈશ્વરનો અંશ માનતો હતો, તેથી તેણે એ ચણાં ખાધા, કારણ કે તેને લાગ્યું કે જો ઈશ્વર જ દરિદ્ર થઈ જશે તો સમગ્ર સૃષ્ટિ જ દરિદ્ર થઈ જશે. સુદામાએ સમગ્ર સૃષ્ટિના કલ્યાણ માટે પોતે દરિદ્ર બનવું સ્વીકારી લીધું."

"એટલો મોટો ત્યાગ!" રુક્મિણીના મોઢેથી આપમેળે નીકળી ગયું.

"મારો મિત્ર બ્રાહ્મણ છે, રુક્મિણી, અને બ્રાહ્મણ જ્ઞાની અને ત્યાગી જ હોય છે. એમના હૃદયમાં જનકલ્યાણની ભાવના કૂટ કૂટ કરીને ભરેલી હોય છે. એકાદ અપવાદોને છોડીને બ્રાહ્મણો એવા જ હોય છે.

હવે તમે જ કહો, એવા મિત્ર માટે હૃદયમાં પ્રેમ ન જન્મે તો પછી શું જન્મે, પ્રિયે? ગોકુલ છોડતી વખતે હું તેથી ન રડ્યો કારણ કે જો હું રડતો તો મારી માયા તો પ્રાણ જ છોડી દેત. પરંતુ મારા મિત્રના એવા પગ જોઈને, તેમાં એવા ઘાવો જોઈને મારું હૃદય ભરાઈ આવ્યું, રુક્મિણી.

એના પગોમાં આવા ઘાવો અને જીવનમાં આવી દશા માત્ર તેથી થઈ કારણ કે તે પોતાના આ મિત્રનું ભલું ઈચ્છતો હતો.

જાણે છે રુક્મિણી, પરિવારને છોડીને કોઈએ પણ આ કૃષ્ણનું એટલું ભલું ક્યારેય નથી ઈચ્છ્યું. લોકો તો મારી પાસે પોતાનું ભલું કરવાની અપેક્ષા રાખે છે. બસ, સુદામા જેવા મિત્રો જ એવા હોય છે કે જે પોતાના મિત્રના સુખ માટે સ્વેચ્છાએ દરિદ્રતા અને કષ્ટનું આવરણ ઓઢી લે છે.

એવા મિત્રો દુર્લભ હોય છે અને ન જાણે કયા પુણ્યોના ફળરૂપે મળે છે. હવે એવા મિત્રને જો ત્રિલોકની સમસ્ત સંપત્તિ પણ આપી દેવામાં આવે, તો પણ તે ઓછી જ પડશે," કૃષ્ણ ભાવુકતાથી ભરાયેલા અવાજમાં બોલ્યા.

અહીં કક્ષમાં બધી રાણીઓની આંખો ભીની હતી અને ત્યાં કક્ષની બહાર ઊભેલા સુદામાની આંખોમાંથી ગંગા-યમુના વહેતી હતી.

જય શ્રી કૃષ્ણ...






"Honest Deals. Real Results."
Your Trusted Partner
in Every Property (Residentials / Commercials) Journey
Jignesh Patel
REAL ESTATE BROKER
Stop Renting. Start Owning.
Your Dream Home Awaits!
• Personalized Guidance for Buyer & Sellers
• More Than 5+ Years of Experience
• Transparent Service
• Check Reviews on Google & Instagram and Lets get Started!!
Let's Get Started
647-381-1492
realtor@jignesh.ca
5010 Steeles Ave. W., Suite 11A
Toronto ON M9V 5C6
Office: 416-747-97777
Fax: 416-747-7135
realtor@jignesh.ca
HOMELIFE
HIGHER STANDARDS
HomeLife/Miracle
Realty Ltd., Brokerage
Each Office Independently Owned & Operated


તમારા સપનાના ડેસ્ટિનેશનને વાસ્તવમાં
સાકાર કરવાની તક લઈને આવી રહ્યું છે.
બેસ્ટ વોયેજ પ્રા. લિ તો ચાલો જલસા કરવા....
ગુજરાતી માહોલ માં ગુજરાતી ટૂર મેનેજર સાથે.
IATA
Best Voyage Pvt. Ltd.
CELEBRATING 25th ANNIVERSARY
scan me
અમારા તમામ પેકેજો જાણવા માટે અહીંયા સ્કેન કરો
ગુજરાત ની પ્રતિષ્ઠિત અને સફળ ટ્રાવેલ કંપની, આપના માટે લઈ ને આવી રહ્યું છે....
Winter 2025 -26
PACKAGE
ઓસ્ટ્રેલિયા વિથ ન્યુઝીલેન્ડ
17 રાત્રિ - 18 દિવસ
21 જાન્યુઆરી, 17 ફેબ્રુઆરી, 11 માર્ચ
ઓસ્ટ્રેલિયા
11 રાત્રિ - 12 દિવસ
20 જાન્યુઆરી
6 ,16 ફેબ્રુઆરી, 17 માર્ચ
ન્યુઝીલેન્ડ
11 રાત્રિ - 12 દિવસ
19 જાન્યુઆરી
15 ફેબ્રુઆરી, 06 માર્ચ
સિંગાપોર મલેશીયા & ક્રુઝ
08 રાત્રિ - 09 દિવસ
29 જાન્યુઆરી, 03 માર્ચ
સિંગાપોર મલેશીયા & ક્રુઝ
09 રાત્રિ - 10 દિવસ
19 ફેબ્રુઆરી
સાઉથ આફ્રિકા
10 રાત્રિ - 11 દિવસ
18,જાન્યુઆરી 20 ફેબ્રુઆરી
22 માર્ચ
અઝરબૈજાન
06 રાત્રિ - 07 દિવસ
15 ડિસેમ્બર, 21 જાન્યુઆરી
10 ફેબ્રુઆરી, 05 માર્ચ
વિયેતનામ વિથ ફુકોક
09 રાત્રિ - 10 દિવસ
20 જાન્યુઆરી
13 ફેબ્રુઆરી, 03 માર્ચ
વરસેટાઇલ વિયેતનામ
08 રાત્રિ - 09 દિવસ
20 ફેબ્રુઆરી 02 માર્ચ
શ્રીલંકા
07 રાત્રિ - 08 દિવસ
14 ડિસેમ્બર, 05 જાન્યુઆરી
13 ફેબ્રુઆરી, 05 માર્ચ
બાલી
06 રાત્રિ - 07 દિવસ
12 ડિસેમ્બર 04 જાન્યુઆરી
13 ફેબ્રુઆરી 05 માર્ચ
આઈસલેન્ડ
09 રાત્રિ - 10 દિવસ
01 માર્ચ
Summer 2026
PACKAGE
ચેરી બ્લોસમ જાપાન
09 રાત્રિ - 10 દિવસ
22, 27, 30 માર્ચ
જાપાન વિથ અલ્પાઈન રુટ
10 રાત્રિ - 11 દિવસ
19,29 મે 10,22 જૂન
સાઉથ આફ્રિકા
10 રાત્રિ - 11 દિવસ 10 ,16 મે
11 રાત્રિ - 12 દિવસ 26 એપ્રિલ 03, 07, 31 મે
13 રાત્રિ - 14 દિવસ 14, 28 મે
ઓસ્ટ્રેલિયા
11 રાત્રિ - 12 દિવસ
04 એપ્રિલ
02 ,15,28 મે
ન્યુઝીલેન્ડ
12 રાત્રિ - 13 દિવસ
01 એપ્રિલ
03, 07, 22 મે
વેસ્ટ & ઈસ્ટ અમેરિકા
12 રાત્રિ 13 દિવસ
22 એપ્રિલ 06,20 મે 03,17 જૂન
01,22 જુલાઈ 19 ઓગસ્ટ
16 સપ્ટેમ્બર, 09 નવેમ્બર
અમેરિકન વંડર
19 રાત્રિ - 20 દિવસ
30 એપ્રિલ 21 મે 11 જૂન
02 જુલાઈ, 13 ઓગસ્ટ
અમેરિકન ડિસ્કવરી
23 રાત્રિ - 24 દિવસ
05,26 મે 16 જૂન
07 જુલાઈ, 04 ઓગસ્ટ
અમેઝિંગ અમેરિકા
15 રાત્રિ - 16 દિવસ
06, 27 મે 10 જૂન
01 જુલાઈ
કેનેડિયન રોકીસ
09 રાત્રિ - 10 દિવસ
14,21,28 મે 05,11,25 જૂન
09 જુલાઈ, 13 ઓગસ્ટ
બાલી
06 રાત્રિ - 07 દિવસ
24, 30 એપ્રિલ 08, 14 મે
18 જૂન
યુરોપ યાત્રા
18 રાત્રિ - 19 દિવસ
09,28 મે 15 જૂન
13 ઓગસ્ટ
યુનિક યુરોપ
15 રાત્રિ - 16 દિવસ
26 મે 15 જૂન 13 જુલાઈ
યુરોપીઅન ડ્રીમ્સ
12 રાત્રિ - 13 દિવસ
03,08,17, 25 મે 06 જૂન
14 જુલાઈ, 11 ઓગસ્ટ
સિનિક સ્કેન્ડીનેવીયા
12 રાત્રિ - 13 દિવસ
28 મે 11 જૂન 26 સપ્ટેમ્બર
યુકે વિથ આયર્લેન્ડ
10 રાત્રિ - 11 દિવસ
14 મે 15 જુલાઈ
પેનોરમિક યુરોપ
09 રાત્રિ - 10 દિવસ
21 મે 21 જૂન
ડિસકવર ઓસ્ટ્રેલિયા
12 રાત્રિ - 13 દિવસ
30 એપ્રિલ
યુરોપ તથા અન્ય અન્ય ટુરની માહિતી જાણવા માટે સંપર્ક કરો +91 99989 77746 / +91 95864 11313
હેડ ઓફિસ એસએફ ૧-૨/૧૦૧-03, અનહિલ કોમ્પ્લેક્સ,સિટી સેન્ટર ની પાછળ, સ્વસ્તિક ક્રોસ રોડ, સી.જી. રોડ અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત
બ્રાંચ ઓફિસ નિકોલ ( અમદાવાદ ) - આણંદ - મહેસાણા - સુરત - બરોડા - રાજકોટ જામનગર - ગાંધીનગર - કલોલ

# ગ્રહોનું સ્વરૂપ અને કાલપુરુષ કુંડળીનું રહસ્ય

## જ્યોતિષ- આચાર્ય શ્રી સુરેશભાઇ ગાંધી- કેનેડા






આજે આપણે સૂર્યમહારાજ વિશે જાણી ગ્રહોના સ્વરૂપ જોઈશું ત્યારબાદ મેષ લગ્નમાં ૮માં સ્થાન થી ૧૨ સ્થાન સુધીનું વિવરણ કરીશું. તો જોઈએ ગ્રહોનું સ્વરૂપ અને સ્વામિત્વ. આકાશમાં ઘૂમી રહેલા અને માનવ જીવનમાં પ્રભાવ પાડતા સાત ગ્રહો સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને શનિ છે. રાહુ અને કેતુ ઉપગ્રહ છે. આ સાતેય ગ્રહો જ્યારે સ્વગ્રહી હોય, શત્રુક્ષેત્રી હોય, મૂળત્રિકોણમાં પોતાની ઉચ્ચ કે નીચ રાશિમાં હોય ત્યારે કેવું ફળ આપે છે તે જોઈએ.

સૂર્યઃ આકાશનો સૌથી પ્રભાવશાળી ગ્રહ છે. તે અલ્પ અને વાંકડિયા વાળ, બુદ્ધિમાન, ચતુર, સફેદ, મધ જેવા પિંગળ નેત્રવાળો, પિત્તપ્રકૃતિ-પ્રધાન, રતાશ પડતાં વસ્ત્રો પહેરનાર છે અને સિંહ રાશિનો સ્વામી છે.

મંગળઃ નાના હૃદયવાળો, પિંગળ એટલે કે સોનેરી આંખવાળો, પ્રબળ શરીરધારી, ચંચળ, લાલ વસ્ત્રવાળો, શૂરવીર, હિંસક, વાંકડિયા લોભ કેશ, હઠીલો, શત્રુ પર પ્રહાર કરનાર લાલ અને ગૌર વર્ણવાળો છે. તે મેષ અને વૃશ્ચિક રાશિનો સ્વામી છે.


બુધઃ લાલ, રસાળ, નેત્રવાળો, મીઠું બોલતો, છાબર જેવો વર્ણવાળો, ચર્મબલી, રજોગુણી, પુષ્ટ દેહવાળો, કફ, વાત અને પિત્ત ત્રણેય પ્રકૃતિવાળો, ચતુર, ગોળ મટોળ, નસો ઉપસેલી હોય તેવા શરીરવાળો, સર્વને વશ કરનાર, ખાખરા પત્ર જેવા રંગના વસ્ત્રો પહેરનાર છે. બુધ એ મિથુન અને કન્યા રાશિનો સ્વામી છે.

ગુરુઃ સારી ધારણા શક્તિવાળો, પિંગળ નેત્રધારી, સિંહ અને મધ જેવો ગંભીર વર્ણવાળો, સ્થિર સ્વભાવનો, સત્ત્વગુણી, પાતળા, શુદ્ધ સુવર્ણ જેવો કાંતિવાળો, ન્યાયમાં નિપુણ, વૃદ્ધ પ્રકૃતિનો ગુરુ ડાબી જમીન પર ચાલનાર છે.

ક્ષમાશીલ, પીળા વસ્ત્ર ધારણ કરનાર કફ અને મેદ પ્રધાન છે. તે ધન અને મીન રાશિનો સ્વામી છે.

શુક્રઃ સારી લાંબી ભુજાવાળો, દૃઢ સાંધા અને મુખવાળો, વાણીમાં બળવાળો, સંયમી વાણી બોલનાર, શ્યામ મૂર્તિ, કામી વાત પ્રકૃતિવાળો, સારા ભાગ્યવાળો, રસક્રીડા જાણનારો, વિલાસી, રજોગુણી, કામી આંખવાળો અને મોટા ખભા ધરાવનાર છે. જન્મકુંડળીમાં તે વૃષભ અને તુલા રાશિનો સ્વામી છે. ફિલ્મી દુનિયામાં આવા વ્યક્તિ જોવા મળે છે.

કાલપુરુષની કુંડળી




થી નીચેનો પ્રદેશ

શનિઃ પાપગ્રહ શનિ, પિંગળ કાળી નીચી આંખવાળો, પાતળી, લાંબી નસો ઉપસેલી હોય તેવા શરીરવાળો, આળસુ, કાળા અંગવાળો, વાત પ્રકૃતિનો ચુગલીખોર, મોટા દાંતવાળી બિહામણી દેખાતી મૂર્તિ, લુખ્ખો, અપવિત્ર, ભયાનક, ક્રોધી, કાળા કપડાં પહેરનાર તમોગુણી ગ્રહ છે. જન્મકુંડળીમાં તે કુંભ અને મકર રાશિનો સ્વામી છે. આ સાથે થોડું કાલપુરુષનું વિવરણ કરી લઈએ.

મેષ રાશિ કાલપુરુષનું શિર છે. વૃષભ એ ભુજ (ખભા), મિથુન બે હાથ અને કર્ક હૃદય છે. સિંહ કાલપુરુષનું પેટ છે. કન્યા કમર, તુલા નાભિથી નીચેનો પ્રદેશ છે. વૃશ્ચિક ગુદાસ્થાન, ધનુ બંને સાથળ, મકર બંને ઢીંચણ, કુંભ ગોઠણ અને મીન બંને પગ છે.

કાલપુરુષના જે અંગોનું સૂચન જે રાશિ દ્વારા થાય છે તે રાશિમાં પાપગ્રહ કે નબળા ગ્રહો પડેલા હોય ત્યારે તેને લગતા રોગ મનુષ્યને થાય છે. ગ્રહો સ્વગ્રહી, ઉચ્ચના કે મૂળત્રિકોણી હોય તો સારું શુભફળ મળી શકે છે. તેનું ધ્યાન રાખવું જરૂરી છે.



# હાઈ વોલ્ટેજ ડ્રામા બાદ ભારતનો ભવ્ય વિજય – ફાઈનલમાં શાનદાર પ્રવેશ

# એકતરફી જીત પછી ન્યૂઝીલેન્ડ સામે ફાઈનલ – અમદાવાદમાં ગુજરાતીઓ તૈયાર









## રવિવારે ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચે વિશ્વવિજય માટેનો મહાસંગ્રામ

ભારત અને England Cricket Team વચ્ચે રમાયેલી સેમિફાઈનલ મેચ ક્રિકેટપ્રેમીઓ માટે એક રોમાંચક થ્રિલર સાબિત થઈ. મેચ દરમિયાન બંને ટીમો વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી, પરંતુ અંતે India National Cricket Team એ પોતાના શાનદાર પ્રદર્શનથી વિજય હાંસલ કરીને ફાઈનલમાં ભવ્ય પ્રવેશ કર્યો.

મેચની શરૂઆતથી જ દબાણભર્યું વાતાવરણ હતું. ઈંગ્લેન્ડે મજબૂત શરૂઆત કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ ભારતીય બોલરોની સચોટ બોલિંગ અને ફીલ્ડરોની ચપળતાએ તેમની રનગતિને રોકી રાખી. મહત્વના સમયે વિકેટ મળતા ઈંગ્લેન્ડની ટીમ દબાણમાં આવી ગઈ.

ભારતીય બેટ્સમેનોએ પણ જવાબદારીપૂર્વક રમત બતાવી. શરૂઆતમાં થોડી મુશ્કેલી હોવા છતાં મધ્યક્રમના ખેલાડીઓએ શાંતિપૂર્વક ઈનિંગ્સ સંભાળી અને જીત તરફ આગળ વધાર્યો. આખરે ભારતે આ હાઈ વોલ્ટેજ મુકાબલામાં જીત મેળવીને દેશભરમાં ઉજવણીનો માહોલ સર્જ્યો.

બીજી તરફ બુધવારે રમાયેલી બીજી સેમિફાઈનલમાં New Zealand National Cricket Team એ પોતાના પ્રતિસ્પર્ધી સામે એકતરફી જીત મેળવીને ફાઈનલમાં સ્થાન બનાવ્યું. તેમની શિસ્તબદ્ધ બેટિંગ અને અસરકારક બોલિંગે મેચને એકતરફી બનાવી દીધી.

હવે આવનાર રવિવારે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ફાઈનલનો મહાસંગ્રામ રમાશે. આ ભવ્ય મુકાબલો વિશ્વપ્રસિદ્ધ Narendra Modi Stadium ખાતે યોજાવાનો છે. દુનિયાના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમમાં રમાનાર આ મેચ માટે સમગ્ર દેશ સહિત ગુજરાતના ક્રિકેટપ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

અમદાવાદ શહેરમાં અત્યારથી જ ક્રિકેટનો માહોલ છવાઈ ગયો છે. ક્રિકેટપ્રેમીઓ ટીમ ઈન્ડિયાના સમર્થનમાં વિવિધ કાર્યક્રમો યોજવાની તૈયારી કરી રહ્યા છે. ખાસ કરીને ગુજરાતીઓમાં આ મેચને લઈને વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે, કારણ કે ફાઈનલ તેમના પોતાના શહેરમાં રમાવાની છે.

રવિવારે રમાનાર આ મહામુકાબલો માત્ર ક્રિકેટની મેચ નહીં, પરંતુ ભારત માટે ગૌરવ અને ગૌરવશાળી ક્ષણ બની શકે છે. હવે સમગ્ર દેશની નજર ફાઈનલ પર છે અને સૌ એક જ આશા રાખી રહ્યા છે – ભારત વિશ્વવિજયનું સ્વપ્ન સાકાર કરવા રવિવારે અમદાવાદમાં ઉતરશે

YourMortgagePoint
Wide Range of Mortgage Options Available
• Residential • Commercial • Business Loan
Purchase
New To Canada
Self Employed
High Worth
Student Rental
Refinance
First Time Home Buyers
Business For Self
1st & 2nd Mortgage
Medical Professionals
Let's Talk! Your FREE consultation awaits

Dhavalkumar Patel
Mortgage Broker
Call Today - 647-893-1311
MORTGAGE ARCHITECTS
#12728
@yourmortgagepoint
dhavalkumar.patel@mtgarc.ca

# ચકલીઓની સારસંભાળ



સંકલન
હસમુખ બી. પટેલ
'હર્ષ'-'પરખ'
અમદાવાદ-નારદીપુર

દર વર્ષે 20મી માર્ચને 'વિશ્વ ચકલી દિવસ' (World Sparrow Day) તરીકે ઊજવવામાં આવે છે. 20 માર્ચ 2010 નો દિવસ કાંઈક ખાસ દિવસ હતો. આ દિવસ વિશ્વભરની 'ચકલીઓ' ને અર્પણ કરાયો હતો. આ 20 માર્ચ ને સહુ પ્રથમ વખત વિશ્વ ચકલી દિન (World Sparrow Day) તરીકે ઊજવવામાં આવી. ચકલીની પ્રજાતિ સમય જતા લુપ્ત થઈ રહી છે. પોતાના અસ્તિત્વ સાથે સંઘર્ષ કરી રહેલ ચકલીઓના બચાવ અંગે લોકજાગૃતિ કેળવવાના હેતુ સાથે આ દિવસને ઊજવવામાં આવે છે. ચકલી એ પૃથ્વી પરની સૌથી સામાન્ય અને સૌથી જૂની પક્ષી પ્રજાતિઓમાંની એક છે. ચકલી કદમાં ભલે નાનકડું પંખી હોય પણ તેની વિશેષતાઓ ઘણી મોટી છે. ચકલી વિશ્વમાં સૌથી વધુ ફેલાયેલું પંખી અને વિપુલ રીતે જોવા મળતા પંખીનો ખિતાબ ધરાવે છે. પ્રાણીઓમાં શ્વાનની જેમ જ પંખીઓમાં ચકલીઓએ સમગ્ર વિશ્વના જુદા જુદા પ્રદેશોમાં માનવજાતનો કાયમ માટે સાથ નિભાવ્યો છે. ચકલીઓને આપણી સાથે એટલું ગોઠી ગયું છે કે માનવવસ્તીથી દૂર રહેવું-જીવવું તેમના માટે શક્ય જ નથી. માંડ 10-20 સેન્ટીમીટરની લંબાઈ ધરાવતા આ પંખીએ વિશ્વના નકશા પરનાં લગભગ બધા દેશોમાં વસવાટ કર્યો છે. એશિયા અને આફ્રિકા, ઓસ્ટ્રેલિયા તથા યુરોપ, લટકામાં અમેરિકા-પૃથ્વીના મોટા ભાગનાં ખંડોને ચકીબેને પોતાનું ઘર બનાવ્યું છે. વર્ષના વધારે સમય બરફથી આચ્છાદિત પ્રદેશો, વિશાળ અને ગીચ જંગલો, અને વિસ્તરાયેલા રેગીસ્તાન જેવા પ્રદેશોને બાદ કરતાં જ્યાં જ્યાં માનવ વસવાટ છે ત્યાં ત્યાં જઈને ચકીબેન પણ વસ્યાં છે. ચકલીની લુપ્ત થતી પ્રજાતિઓ અને ઘટતી જતી વસ્તી ચિંતાનો વિષય છે. આવી સ્થિતિમાં આ દિવસની ઊજવણી કરવાનું વિચારવું એ ખરેખર ચકલીઓ અને અન્ય અદ્રશ્ય થઈ રહેલા પક્ષીઓના સંરક્ષણ માટે એક પ્રશંસનીય પગલું છે. ચકલીની વાત આવે એટલે આપણાં મૂર્ધન્ય કવિ શ્રી રમેશ પારેખની ચકલીઓ પ્રત્યે પ્રેમ અને લાગણી પ્રદર્શિત કરતી આ પંક્તિઓ યાદ આવી જ જાય :

"તારો વૈભવ રંગમહેલ, નોકર ચાકરનું ધાડું, મારા ફળિયે ચકલી બેસે એ મારું રજવાડું."

એક સમયે ઘર આંગણે સવારથી સાંજ લગી કલરવ કરતી ચકલીનો ચી.. ચી.. અવાજ આજે સાંભળવા મળતો નથી. વર્તમાન સમયમાં ચકલીઓ લુપ્ત થવાના આરે પહોંચી ચૂકી છે. શહેરોમાં દિનપ્રતિદિન ચકલીઓની સંખ્યા નામશેષ થઈ રહી છે. ગામડાઓમાં



**ઘરઆંગણે ચીં..ચીં કરીને સવાર કરાવતી ચકલી આજે લુપ્ત થવાના આરે છે; વિશ્વ ચકલી દિવસ આપણને પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ બની આ નાનકડા પંખીના અસ્તિત્વને બચાવવા માટે પ્રેરણા આપે છે.**

પણ હવે ચકલીઓની સંખ્યા ભયજનક રીતે ઘટી રહી છે. આપણે ચકી અને ચકાની વાર્તાઓ સાંભળીને મોટા થયા છીએ, આપણે આપણા બાળકોને પણ "ચકી લાવી ચોખાનો દાણો, ચકો લાવ્યો મગનો દાણો" એ લોકપ્રિય ગુજરાતી વાર્તા સંભળાવી હતી. વર્તમાન સમયે હું કેનેડામાં મારા બે વર્ષના દોહિત્ર વિહાનને પણ ચકા-ચકીની આ વાર્તા દરરોજ સંભળાવું છું.

પ્રત્યેક વ્યક્તિએ નાનપણમાં લગભગ સૌથી પહેલાં જોયેલું, ઓળખેલું અને એકદમ જાણીતું પંખી એટલે ચકલી. નાનકડું બાળક જે હજુ વ્યવસ્થિત બોલતાં પણ ના શીખેલું હોય તેને પણ પૂછવામાં આવે કે 'ચકી કેમ બોલે?' તો તરત કહેશે- 'ચીં□ચીં..' ચકલાં, ચકલી, ચકીબેન કે 'હાઉસ સ્પેરો' એ ફક્ત આપણાં દેશનું જ નહીં પણ વિશ્વભરમાં સૌથી વધુ જોવા મળતું અને માનવ વસ્તી સાથે હળી-ભળી ગયેલું સૌથી સામાન્ય પક્ષી છે. એક સમય હતો જ્યારે ચકલીઓનો કિલકિલાટ લોકોને ઊંઘમાંથી જગાડતો હતો. એક સમયે વિશ્વનું સૌથી સામાન્ય અને ટોળાબંધ જોવા મળતું આ નાનકડું પંખી આજે જીવન સંઘર્ષ માટે ઝઝૂમી રહ્યું છે અને કમનસીબે હારી રહ્યું છે. વિશ્વભરમાં અને ખાસ કરીને ભારતમાં પણ ચકલીઓની સંખ્યા ખૂબ ઝડપથી ઘટી રહી છે. જો તેમને બચાવવા માટે માનવ જાત કંઈ નહીં કરે તો આ ચકલીઓ ખૂબ ઝડપથી હમેશાંને માટે લુપ્ત થઈ જશે અને આવનાર પેઢી ચકલીને માત્ર ફોટામાં જ જોઈ શકશે.

## ચકલીઓની સંખ્યા ઘટવાના કારણો :

ચકલીઓને માળો બાંધવાની જગાઓ સતત ઘટી રહી છે. આંધળો અને બહેરો વિકાસ અબોલ જીવોની મુશ્કેલીમાં સતત વધારો કરી રહ્યો છે.

વર્તમાન જીવનશૈલી ચકલીઓની ખોરાકની ઉપલબ્ધતામાં સતત ઘટાડો કરી રહી છે.

ખેતીવાડીમાં બદલાયેલ અભિગમના કારણે ખેત ઉત્પાદનો ઉપર વધારે ને વધારે ઝેરી રસાયણોનો છંટકાવ થઈ રહ્યો છે; જે ચકલી પ્રજાતિ માટે મોતને આમંત્રણ આપે છે.

બ્રીડીંગ ઓપર્ચ્યુનીટીમાં થઈ રહેલ ઘટાડો પણ ચકલીના અસ્તિત્વ માટે ભયજનક છે.

ખેતીલાયક જમીનોને હેતુફેર કરીને રહેણાંક અને ઔદ્યોગિક હેતુમાં પરિવર્તિત કરવાથી ચકલીઓ માટે અસ્તિત્વ ટકાવી રાખવાનું મુશ્કેલ બની રહ્યું છે.

બેફામ રીતે વૃક્ષોનું નિકંદન, આડેધડ ઝાડવાઓને કાપી નાખવા તથા શહેરી વિસ્તારનો ઝડપથી વ્યાપ વધવાને કારણે ફ્રેન્ડલી નેબરહૂડ કહી શકાય તેવી ચકલીઓના અસ્તિત્વ સામે ખતરો તોળાઈ રહ્યો છે.

ઈન્ટરનેટ, મોબાઈલ, વિવિધ ડિજિટલ ટાવર, ટીવીના ઓડિયો-વિડીયો તરંગો (Waves)નું ઈલેક્ટ્રોમેગ્નેટીક રેડીયશન ચકલી વંશને ભરખી રહ્યું છે.

આજે ઠેર ઠેર બનતી બહુમાળી ઈમારતોમાં ચકલીઓને રહેવા માટે જગા હોતી જ નથી. આપણાં પુરાણી ઢબનાં ઘરોમાં ચકલીઓ શાંતિથી રહી શકતી હતી.

નીતનવા મોલ, વધુમાં વધુ બહારનું ખાવાનું તેમ જ સુપરમાર્કેટ સંસ્કૃતિના કારણે ચકલીઓને ચણ મળતું નથી. શહેરમાં ખાવા માટે ઊડાઊડ કરતી ચકલીઓ ઉપર અસહ્ય ગરમી, રેડિયો વિકિરણો, ટાવરના તરંગો અને અન્ય પક્ષીઓ દ્વારા શિકાર બનવાનો સતત ડર મંડરાતો રહે છે.

મોબાઈલ ટાવરોમાંથી નીકળતા તરંગો ચકલીની દિશા શોધવાની કુદરતી શક્તિ પર કુઠારાઘાત કરી રહ્યા છે જેની વિપરીત અસર પ્રજનન પર પડી રહી છે જેના કારણે ચકલીઓ ઝડપથી લુપ્ત થઈ રહી છે.

આપણા દેશમાં સતત તાપમાન વધી રહ્યું છે. ચકલી વધારે તાપમાન સહન નથી કરી શકતી.

ચકલીઓ માટે ચણ નાખવાની કોઈ ચોક્કસ જગા હોતી નથી. જેથી અપૂરતા ખોરાકને કારણે ચકલીઓ મરી રહી છે.

## ચકલીઓને બચાવવા આટલું તો કરીએ જ :

'નેસ્ટ હાઉસ ' બનાવીને, લાવીને, ખરીદીને ઘરે લગાવીએ અને ચકલાંને ફરીથી ઘર નજીક વસાવીએ. અબોલ જીવસેવા સાથે સંકળાયેલી સંસ્થાઓ ચકલી બચાવો અભિયાન અંતર્ગત કાર્યક્રમ કરે ત્યારે ચકલી ઘરનું વિતરણ કરે છે. હું છેલ્લા પાંચ વર્ષથી સતત આ અભિયાનમાં જોડાયેલ છું. આ ચકલીઘર લઈને ચકલીઓને મદદ કરીએ, સેવાનું કર્મ કરીએ.

ચકલાં માટે ઘરની આંગણામાં, અગાસી ઉપર, બાલ્કનીમાં, બહારની દીવાલો અને ફળીયામાં પાણીનું કૂંડું અને થોડો ખોરાક જેમકે બાજરી, ચોખાની કણકી, રોટલીના ટૂકડા, ભાત વગેરે અચૂક મૂકવાનું રાખીએ.

દેશી, ઘટાદાર અને ફળાઉ વૃક્ષો વાવીએ.

બગીચા, પાર્ટી પ્લોટ, ખેતર, ફાર્મ હાઉસમાં કુદરતી વાડ કરીએ. તારની ફેન્સિંગ દૂર કરીએ.

દેખાવમાં સારા હોય એવા ફૂલછોડનું વાવેતર કરવાના બદલે પક્ષીઓને ઉપયોગી ફૂલ-છોડ રોપીએ.

નાનપણથી જ બાળકોને કુદરત પ્રત્યે લગાવનું આરોપણ કરીએ. પશુ પંખી તરફ પ્રેમ અને સદભાવના વધારીએ. દરરોજ અબોલ જીવસેવા કરવાનું શીખવીએ.

જો તમારા ઘરમાં ચકલી માળો બનાવે છે, તો તેને દૂર કરશો નહીં.

ચકલીઓ માળો બનાવી શકે માટે જૂતાની પેટીઓ, પ્લાસ્ટિકની મોટી બોટલો અને વાસણો લટકાવો. બજારમાંથી કૃત્રિમ માળાઓ પણ લાવો.

વિશ્વ ચકલી દિવસ મનાવવાની પસાર શ્રેષ્ઠ રીત એ છે કે ચકલીઓની વસ્તીમાં ધરખમ વધારો થાય અને ચકલીઓ સચવાય તે સુનિશ્ચિત કરવા માટે આપણે જે જે રસ્તાઓ થકી આપણું પ્રદાન કરી શકીએ એ બધા રસ્તા પર વ્યક્તિગત યોગદાન આપીએ. ચકલીઓની સુરક્ષા અંગેના તમામ ઉપાયો અંગે આપણી જાતને સંપૂર્ણ શિક્ષિત કરીએ. ચકલીઓ




અને તેમના બચ્ચાંઓની સુરક્ષા માટે સંરક્ષણના પ્રયત્નોને વધારે વિસ્તૃત કરવા અને ફેલાવવા માટે પ્રયત્નશીલ રહીએ.

આ ટચૂકડી ચકલીઓ આપણા પર્યાવરણ અને 'ઈકોસીસ્ટમ'નો ખૂબ જ અગત્યનો ભાગ છે. તેમને લુપ્ત થવા દેવી એ આપણા પર્યાવરણને પોસાય તેમ નથી. ઝીણાં અવાજે ચીં.ચીં કરી પોતાને બચાવી લેવાની અપીલ કરતી ચકલીની વ્યથા પારખીએ. એ આપણને સવાલો કરી રહી છે :

મારા ચીંચીં ના અવાજ સાથે મોટા થયેલા તમે, ફરી એ સ્વર સાંભળશોને?

મારા માટે માટીના કૂંડા, પુંઠાના ઘર ઓસરીમાં કાટખૂણો પડતો હોય ત્યાં ઊંચે મૂકશો ને ?

કાબરો, ટ્રાઈપોટ, નાના બાજ તેમજ બિલાડીથી મારા ઈંડા, બચ્ચા અને માળાને સાચવશો ને? કારણે કે હું ગમાર છું, ગમે ત્યાં માળો બાંધવામાં કાચી છું.

જૂના મકાનો, દીવાલ પર ટીંગાતી છબીઓ, પાટીયા પર મૂકાતા ઊંધાં વાસણો યાદ છે ને? ત્યાં અમારા ઝુંડ રહેતા, અસ્તિત્વ અમારું ખતરામાં છે આજે, તમે અમને સંભાળશો ને ?

તમારા બાપદાદા અમારા માટે કેટકેટલું કરતા, અમને જીવાડીને તમે પૂર્વજોનું તર્પણ કરશો ને ?

વિશ્વભરમાં જોવા મળતા અમે માનવજાત સાથે હળીમળી ગયેલા છીએ, સાચા પર્યાવરણ રક્ષક છીએ. અમારી સંખ્યા ઘટી રહી છે, સંઘર્ષ વધ્યો છે, ઝઝુમીએ છીએ અમે, તમે માનવ બની સાથ આપશો ને ?

એક જ દિવસ પૂરતો અમારો દિવસ ઊજવવાના બદલે અમારા માટે તમે કંઈક નક્કર કરો. હવે પછીની તમારી પેઢીને અમારા ચિત્રો જ બતાવશો કે પછી અમને પણ રુબરુ બતાવશો?

સિગારેટના ઠુંઠિયા વચ્ચે ખોરાક શોધતી મારી વ્યથાની 'પરખ' કરો, મોબાઈલ ટાવર બંધ કરો. કરશો ને?

છેલ્લો સવાલ પૂછે છે ચકલી માણસને ' ફરી ઘરે ઘરમાં અમારી ચિચિયારી તમે સર્વત્ર મહેંકાવીને અમને શાશ્વત 'હર્ષ' આપશો ને?

આવો, આપણે સૌ તા.20 માર્ચ, 2026 ના રોજ 'વિશ્વ ચકલી દિવસ' ( World Sparrow Day ) ની ઊજવણી ચકલીઓને બચાવવાની પ્રતિજ્ઞા લઈને કરીએ. કેનેડાના અગ્રગણ્ય ગુજરાતી અઠવાડિક 'ગરવી ગુજરાત' મારફતે આપણે એક જાગૃત નાગરિક / સાહિત્યકાર / વાચક તરીકે ચકલીએ માણસજાતને પૂછેલા સવાલોનો સાચા માનવ બની ચકલીઓની સુરક્ષા કરી જવાબ આપીએ. લાગતાવળગતા સૌને અનુરોધ કરીએ કે જ્યારે અને જ્યાં તક મળે ત્યાં અને ત્યારે ચકલીઓને જીવાડીએ, બચાવીએ, સાચવીએ, ઉછેરીએ, વ્હાલ કરીએ, ખવડાવીએ અને એમની મીઠી ચીં ચીં સાંભળીએ. આપણી આવનાર પેઢીઓ પણ પ્રેમાળ અને વ્હાલી ચકલીઓની મીઠી મધુરી ચીં..ચીં.. સાંભળી શકે એ માટે એમની પૂરેપૂરી સારસંભાળ લઈએ.

ખેતી - NAની જમીન
Savli, Waghodia, Panchmahal, Anand, Nadiad, Ahmedabad
ખરીદ-વેચાણ તથા ભાડે લેવા માટે મળો
AGRICULTURE & NA LAND
BUY - SELL - RENT
99257 68291

# સાંઈભકત મહાળસાપતિ



લેખક
શ્રીમતી મિનાક્ષી અ. કરમરકર

કોઈપણ ભગવાનને ભજો એટલે એમના ભકતો યાદ આવ્યા વગર રહે નહીં. રામને યાદ કરીએ એટલે હનુમાનજી, જાંબુવનજી, સુગ્રીવ, શબરી વગેરે સહેજે યાદ આવી જ જાય. તેવી જ રીતે બાબાને યાદ કરીએ એટલે અણ્ણાસાહેબ, મહાળસાપતિ, શ્યામા, બાયજાબાઈ વગેરે યાદ આવ્યા વગર રહે નહીં.

બાબા ચાંદ પાટીલના દીકરાની જાન સાથે શિર્ડી આવ્યા. ખંડોબાના મંદિર પાસે બળદગાડા ઊભા રહ્યા. બાબા એમાંથી ઉતર્યા ત્યારે ખંડોબા મંદિરના પૂજારી મહાળસાપતિએ "આઓ સાંઈ" કહી સ્વાગત કર્યું. મહાળસાપતિ બહુ જ રૂઢીચુસ્ત પુજારી હતા. એમણે બાબાને મુસલમાન જાન સાથે આવેલા જોઈ પીર, ફકીર સમજી લીધા હતા. તેથી તો એમને ખંડોબા મંદિરમાં આશ્રય આપ્યો નહીં. થોડા સમયમાં બાબાના દૈનિક ક્રિયાકર્મ જોઈ એ બાબાના પ્રિય ભકત બની ગયા. એમની ભક્તિ, સમર્પણ અને મમતા એટલા પ્રબળ હતા કે, બાબા એમની પૂજાનો વિરોધ કરી શકયા નહીં. એ રોજ સૌ પ્રથમ બાબાના ચરણે પુષ્પ, ચંદન અર્પણ કરતા પછી જ બીજા દેવની પૂજા કરવા જતા.

મહાળસાપતિની જેમ નિત્ય બાબાની પૂજા, અર્ચના કરવાનો વિશેષાધિકાર શ્રી નાનાસાહેબ ચેંગલેને પણ મળ્યો હતો. સોની જ્ઞાતિના ઈષ્ટદેવ "ખંડોબા" એ "મહાળસાપતિ" ના નામે પણ ઓળખાય છે અને "મહાળસાપતિ પુરાણ" પણ પ્રસિધ્ધ છે. મહાળસાપતિ શિર્ડીથી દોઢસો માઈલ દૂર આવેલા જેજુરી સુધી, ખભે કાવડ લઈ દર વર્ષે પદયાત્રા કરતા. જેજુરીમાં ખંડોબાનું મંદિર બહુ પ્રસિધ્ધ છે. ભગવાનની પૂજા કરતા કરતા એમને ઘણીવાર ભાવસમાધિ લાગી જતી.

પરિવારમા પત્ની ઉપરાંત ત્રણ દીકરીઓ અને બહુ મોટી ઉંમરે બાબાની કૃપાથી જન્મેલો પુત્ર હતા. ગરીબાઈ સાથે એમનો નાતો ઘણો ગાઢ હતો. બાબા પાસે આટલી બધી ભેટસોગાદો આવે તો પણ કદી તેઓ એ લેવાની લાલચ કે લોભ રાખતા નહીં. કદીય કોઈની પાસે દાન કે આર્થિક મદદ સ્વીકારવા સંમત નહોતા થતા. બાબા એમને પોતાની પાસેથી નાણાં સ્વીકારવા સમજાવી શકતા નહોતા. બાબા જયારે વધુ આગ્રહ કરતા તો બે હાથ જોડી વિનંતી કરતા.. બસ મને તમારી સેવા કરવા દો, બીજું કંઈ જોઈતુ નથી.

મોટેભાગે મહાળસાપતિ રાત્રીવાસ દ્વારકામાઈમા બાબાની સાથે જ કરતા. પોતાનું કપડું પાથરતા જેના અડધા ભાગમાં બાબા સૂઈ જતા અને અડધા ભાગમાં એ પોતે સૂઈ જતા. ધન્ય છે એ ઘડીને કે જગતનો નાથ પોતાના પ્રિય ભકત સાથે, અલક-મલકની વાતો કરતો ધરતીમાના ખોળામાં સૂતો હોય. બાબા મહાળસાપતિને કાયમ કહેતા કે, મારી સાથે સૂવુ હોય તો જાગ્રત રહેવું પડશે. મારી છાતી ઉપર હાથ મૂકી એમાં ભગવાનનું નામસ્મરણ ચાલુ છે તે સાંભળતા રહેજો. જો જાપ બંધ થઈ જાય કે હું કુદરતી ઊંઘમાં સરી જાંઉ તો તરત મને જગાડજો. પણ સદાય બાબાની છાતી પર મૂકેલો મહાળસાપતિનો હાથ ભારે લાગે એટલે સૂઈ ગયેલા ભકતને બાબા મીઠી ટકોર કરી ઉઠાડતા.

એક રાતે બાબાએ મહાળસાપતિને કહ્યું કે "આજે રાતે આપણે બંને એ બહુ સજાગ રહેવું પડશે. પેલો રોહિલો (પ્લેગ) બિચારા પાટીલની સ્ત્રીને ઉપાડી જવા માંગે છે. હું અલ્લાહનું નામસ્મરણ કરી એને રોકવા મથી રહ્યો છું. મને અધવચ્ચે આવી કોઈ હેરાન ના કરે એનું ધ્યાન રાખજે." આદેશ મુજબ મહાળસાપતિએ ખાસ ચીવટ રાખી. પણ કમનસીબે મધરાતે મામલતદાર અને એમનો પટાવાળો આવી ચડયા. એમને સવારે દૂર જવાનું હોવાથી બાબાના દર્શન કરવા અને આશીર્વાદ લેવા આવ્યા હતા. મહાળસાપતિએ એમને ઘણા સમજાવવાની કોશિશ કરી પણ માન્યા નહીં અને બાબા પાસે પહોંચી ગયા. બાબાના ધ્યાનમાં ભંગાણ પડયું. આ રીતે મધરાતે આવી ધ્યાનમાં વિઘ્ન આપવા બદલ શરૂમાં તો બાબા બહુ ગુસ્સે થયા. પણ જે થાય તે સારા માટે જ થતું હશે એમ મન મનાવી શાંત રહયા. પાટીલની પત્ની ગુજરી ગઈ.

બાબા પોતાના ભક્તોની બહુ જ કાળજી લેતા. એક દિવસ મહાળસાપતિ મસ્જીદમાંથી બહાર જવા નીકળ્યા કે તરત જ બાબાએ કહ્યું "રસ્તામાં બે ચોર મળશે. સાવધ રહેજે." મહાળસાપતિએ એક સાપ એમના ઘરના બારણા આગળ જોયો તથા બીજો પડોશીના ઘર પાસે. આમ બાબાની આગાહી પ્રમાણે સાપરૂપી ચોરનો ભેટો થઈ ગયો.

એક વાર મહાળસાપતિની પત્ની અને બાળકો માંદા પડયા. બાબાએ બધાને એક પથારીમા સાથે સુવડાવ્યા અને મસ્જીદની પરિક્રમા કરવા માંડી. દંડૂકો હલાવતા જાય અને મોટેથી બોલતા જાય. "આવી જા તારી જે તાકાત હોય તે બતાવી દે. મારી સામે તો એકવાર આવ." રોગીની સારવાર કરવાની બાબાની આ પધ્ધતિ કંઈક અનોખી હતી. ઉદીથી પણ ઘણાબધા સારા થઈ ગયાના ઉદાહરણો સાંઈસચ્ચિત્રમાં વાંચવા મળે છે.

બીજો એક પ્રસંગ એમની પત્નીનો છે. એ પિયર ગઈ હતી અને ત્યાં એના ગળામાં ગાંઠ નીકળી હતી. જે એણે મહાળસાપતિથી સંતાડયુ હતું. બાબાને આ બધું ખબર જ હતી. એમણે મહાળસાપતિને ગાંઠવાળી વાત કરી અને કહ્યું કે, મારા વગર કોઈ એને મટાડી શકવાનું નથી. હું ખાતરીપૂર્વક મટાડી આપીશ. વાત સાંભળીને મહાળસાપતિ તો ગભરાય જ ગયા પણ એમને બાબા પર પૂરો ભરોસો હતો. થોડા સમય પછી ત્યાંથી કાગળ આવ્યો કે, હવે ગાંઠ મટી ગઈ છે, સારૂ છે.

બાબા મહાળસાપતિને 'ભગત' ના હુલામણા નામે બોલાવતા. એકવાર મહાળસાપતિ દૂરના ગામે વેવાઈને મળવા જવાનું નક્કી કરી બાબાની રજા લેવા આવ્યા. બાબાએ રજા તો આપી પણ સાથે આગાહી પણ ઉચ્ચારી કે "ત્યાં તમારૂં અપમાન થશે માટે સાચવી લેજો." અને બન્યું પણ એવું જ કે, વેવાઈએ એમને ભોજન લેવા નિમંત્રણ આપ્યું હતું પણ એમના આવવાની રાહ જોઈ જ નહીં અને પહેલાં બધાએ જમી લીધું. જે મહાળસાપતિને ખોટુ લાગ્યું. તેઓ જમ્યા વગર દીકરીને મળી પાછા આવ્યા.

## સાંઈબાબાના પરમભક્ત મહાળસાપતિની અખંડ શ્રદ્ધા, ત્યાગ અને નિસ્વાર્થ ભક્તિની પ્રેરણાદાયક કથા



મહાળસાપતિના દીકરાનું નામ માર્તન્ડ રાખવામાં આવ્યું હતું. મુંબઈના પી.આર.અવસ્તી નામના વકીલ મેજીસ્ટ્રીટ બન્યા બાદ શિર્ડી બાબાના દર્શને આવ્યા હતા. બાબાના દર્શન કર્યા બાદ સાઠે સાહેબ સાથે સત્સંત કરવા બેઠા. એટલામાં મહાળસાપતિનો દીકરો માર્તન્ડ ત્યાં ભિક્ષા અર્થે આવ્યો. બાબાના પરમભકતના એક ના એક દીકરાને ભિક્ષા માંગતો જોઈ અવસ્તી સાહેબને બહુ દુઃખ થયું. એમણે તો તરત જ માર્તન્ડના ભિક્ષાપાત્રમા નોટોનું બંડલ મૂકયું. માર્ન્ડે એ નોટોનું બંડલ સવિનય પાછું આપી દીધું અને પ્રણામ કરી ખાલી ભિક્ષાપાત્ર લઈ ત્યાંથી ચાલી નીકળ્યો.

અવસ્તીથી ભકતની આવી દીન હાલત જોવાય નહીં એટલે એ તો મહાળસાપતિના ઘરે ગયા અને એમના પગ પકડી કાલાવાલા કરવા લાગ્યા. નોટોનું બંડલ સ્વીકારવા વિનંતી કરવા લાગ્યા. બાબાના બંને ભકત વચ્ચે લક્ષ્મીને લઈને વાદવિવાદ થતા હતા. એટલામાં ત્યાં મદરઅલી આવ્યો. એણે મહાલસાપતિને ઠપકાર્યા.. “ભગત હવે જીદ છોડી દો. અવસ્તી સાહેબ પ્રેમથી આપે છે તો લઈ લો ને.. બાબાએ જ મોકલ્યા હશે.” મદરઅલીની વાત સાંભળી મહાલસાપતિ ચીડાયા. એમણે




જાતે પેલું નોટોનું બંડલ મદરઅલીના હાથમાં આપી દીધું. અવસ્તી સાહેબ આ બધુ વિસ્મયથી જોઈ રહ્યા હતા. મનમાં ને મનમાં મહાળસાપતિની ત્યાગવૃતિ અને નિર્લોભપણાને વખાણી રહ્યા. ઊભા થઈ મહાળસાપતિના પગ પકડી આનંદના હર્ષાશ્રુ સાથે બોલ્યા... “ભગત ધન્ય છે તમને અને તમારી સાંઈ ભકતિને.. જેના ભકત આવા નિસ્વાર્થ હોય તેના ભગવાનની તો વાત જ શી કરવી.”

જેમ જેમ બાબાની ખ્યાતિ વધતી ગઈ તેમ તેમ અનેક ભેટસોગાદો ભકતો બાબા માટે તો લાવતા જ પણ સાથે બાબાના પ્રિય ભકત મહાળસાપતિ માટે પણ લાવતા. તેઓ તેનો પ્રેમથી સ્વીકાર કરી, બાબાના ચરણોમાં અર્પણ કરતા, મંદિરમા મોકલી આપતા. બાબાના મહાનિર્વાણ પછી પણ મહાળસાપતિએ રાત્રીપૂજા ચાલુ રાખી હતી. એમની આ અગાધ અને નિસ્વાર્થ ભક્તિને લઈને તેઓ ઈચ્છામૃત્યુને વર્યા હતા. પોતાના પરિવારમાં તથા સગાવ્હાલામાં અગાઉથી તેમણે પોતાનો મૃત્યુ દિવસ, સમયની જાણ કરી હતી. જયારે અંતિમ ક્ષણ આવી ત્યારે દાદા કેળકરનું મિલન બાકી હોવાથી એક દિવસ માટે ઈચ્છામૃત્યુ લંબાવ્યું હતું.

એકવાર રાત્રીવાસ દરમ્યાન બાબાએ શિર્ડી વિશે આગાહી કરી હતી કે, શિર્ડી તીર્થધામ તરીકે પ્રખ્યાત થશે. અહીં લાખો લોકોને રોજીરોટી મળશે. મેળા ભરાશે. સૌ કોઈ પોતાના દુઃખદર્દ મને આપી રાજીખુશી પોતાની જીવનનૈયા ચલાવશે. જે આજે હકીકત બની ગયું છે. શિર્ડી સંસ્થાન દ્વારા કેટલીય હોસ્પિટલો, સ્કૂલો, આશ્રમો, ધર્મશાળાઓ ચલાવવામાં આવે છે. સેવાકીય અનેકવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે.

આ છે ભકતની સાચી ભક્તિ. જયાં અતિથિને દાન, માન અને ભોજન મળે, જયાં સત્યનું આચરણ થાય, જયાં ગાયોની રક્ષા અને પાલન થાય, ત્યાં લક્ષ્મીનો વાસ રહે છે. સજ્જનોની સેવા, દેવો, પિતૃઓનું પૂજન, તર્પણ થાય ત્યાં સદાય લક્ષ્મી વસે છે. બાકી આજકાલ તો સાધુ-સંતો પણ સાચા રહ્યા નથી તો ભકત તો કેવી રીતે સત્યના માર્ગે ચાલી શકે? આપણે રોજેરોજ નવા નવા ધર્મગુરૂઓ, દેવીઓ વિશે સાંભળીએ છીએ અને હજુ પણ મૂરખનીતિ વાપરી એવા પાંખડીઓના માયાજાળમાં ફસાઈ પોતાનો હસતો રમતો સંસાર ઉજાડીએ છીએ. બહુ થયુ હવે તો જાગો... શા માટે આવા લોકોને પોષવા જોઈએ. ધર્મના નામે સમાજમાં દૂષણ ફેલાવનારા આવા લોકોને તો જડમૂળથી ઉખેડવા જોઈએ.


# MURTI'S KITCHEN

Sweets | Farsan | Snacks

- Dal-Bati
- Dakor na Gota
- Pavbhaji
- Vadapav
- Dabeli
- Papdi no lot
- Lilva Kachori

- Ladu(Gud/Sugar)
- Mohanthhal
- Magas
- Mysore Pak
- Penda
- Kopra pak

- Fulwadi
- Khaman(Vatidal )
- Khaman(Nylon )
- Sev Khamani
- Fafda
- Chole Bhature
- Patties

Winter Special

*METHI-PAK, ADADIYA-PAK, Khajur Pak (roll)*

And Many more.

Swaminarayan & Farar food Available

We do Catering

ફ્રેશ અને ટેસ્ટી
Murti's Kitchen

CALL US FOR MORE DETAILS
647-389-7549

Family Events
Birthday Event
Office Event
Wedding

# ફાગણ સુદ-૧૩ એટલે ફાગણ ફેરી-પાલિતાણાના શેત્રુંજય મહાતીર્થની છ ગાઉની યાત્રા



લેખક
ડૉ.જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક
(જૈન સંગીતકાર)

(૧) શત્રુંજયનો અર્થ "આંતરિક શત્રુઓ પર વિજય પમાડનાર સ્થળ" અથવા "આંતરિક શત્રુને જીતનાર" એવો થાય છે.

કેવો છે આ છ ગાઉં ની યાત્રાનો મહિમા!.ચાલો કલ્યાણ મિત્ર શેત્રુંજય ની યાત્રા એ જઈએ.આમ ફાગણ સુદ તેરસ ના આ દિવસે અનેક આત્માઓને છ ગાઉની યાત્રા માં આવવાનું મન થાય છે.આ યાત્રા એટલે ૧૮ કિ.મી. ફરી દહીં થેપલાં ખાવા એ નથી. પંડિત વીરવિજયજી ૯૯ પ્રકારી પૂજામાં કહે છે તેમ"તીરથ ની આશાતના નવિ કરીએ

નવ કરીએ તો ભવજળ તરિયે."

પણ આ દિવસે ભાડવા ગિરિ (પર્વત) ઉપર શ્રી કૃષ્ણ મહારાજા ના પુત્ર શાંબ અને પ્રદ્યુમ્ન જે ગિરિ પર સાડા આઠ કરોડ મુનિઓની સાથે સિદ્ધિ પદ ને પામ્યા છે તે પવિત્ર સ્થાન ની સ્પર્શના કરવા નો અમૂલ્ય દિવસ છે.

ફાગણ સુદ ૧૩ ને ગુજરાતી માં ફાગણ સુદ ત્રયોદશી કે ફાગણ સુદ તેરસ કહેવાય છે. આ દિવસ હિંદુ વૈદિક પંચાગના વિક્રમ સંવત મુજબ વર્ષના ચોથા મહિનાનો તેરમો દિવસ છે, જ્યારે શક સંવત મુજબ વર્ષના અગિયારમાં મહિનાનો તેરમો દિવસ છે. પાલીતાણા શત્રુંજય મહાતીર્થની છ ગાઉની યાત્રા વર્ષમાં એક જ દિવસ ફાગણ સુદ તેરસ ના દિવસે થાય છે.આ વિસ્તાર છ ગાઉનો હોવાથી એને ફાગણ ફેરી અથવા છ ગાઉ યાત્રા કહેવામાં આવે છે.

ફાગણ સુદ-૧૩ની યાત્રા કરવા માટે અત્રે દેશ-વિદેશમાંથી લાખો ભાવિકો ઊમટી પડે છે ત્યારે આપણે આ પાલિતાણા અને લોકોમાં ઢેબરા તેરસ તરીકે પણ જાણીતી એવી છ ગાઉની યાત્રાનો મહિમા જોઈએ.

*શેત્રુંજય તીર્થ નું જૈન શાસ્ત્રોમાં માહાત્મ્ય:-

એક વખત આદિનાથ ભગવાનનું નામ લેવાથી અડસઠ તીર્થયાત્રાનું ફળ મળે છે એમ શિવપુરાણમાં લખ્યું છે. (**अष्ट षष्टिषु तीर्थेषु यात्रायाँ यत्फलं भवेत् आदिनाथस्य देवस्य समरणे नापि तद भवेत्**)

જય જય જય શ્રી આદિનાથ, કર્મ ખપાવે આદિનાથ,.પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ( (આદિશ્વરભગવાન)

અહીં પૂર્વ નવ્વાણું વાર પધાર્યા છે. પ્રથમ તીર્થંકર આદિશ્વર ભગવાનને કેવલજ્ઞાન થયું ત્યારે આ પર્વત પર કોઈ મંદિર ન હતું. કોઈ આ ધરતીનું મહત્વ



નહોતું સમજતું. શાશ્વતી-પવિત્ર આ ધરતીનું માહાત્મ્ય સમજાવવા ઋષભદેવ ભગવાન નવ્વાણું વાર પોતાના પરિવાર સાથે અત્રે પધાર્યા. તીર્થકર ઋષભદેવથી પવિત્ર આ ભૂમિ પર કરોડો મુનિવર કેવલજ્ઞાન પામી મુક્તિએ ગયા.જૈનશાસ્ત્રો અનુસાર આ તીર્થને પ્રાયઃ શાશ્વત તીર્થ માનવામાં આવે છે. આ તીર્થનો સદાય મહિમા અપાર રહ્યો છે.

આજનું વિજ્ઞાન કે ભૂગોળ જેટલું મોટું વિશ્વ બતાવે છે તેના કરતાં જૈનધર્મમાં વર્ણવેલું વિશ્વ અનેકગણું વિશાળ છે. આ વિશાળ વિશ્વમાં શત્રુંજય ગિરિરાજનો ભૂખંડ શાશ્વતો કહેવાયો છે.

* છ ગાઉ ની ભાવ યાત્રા નો પ્રારંભ:- શેત્રુંજય તીર્થ ની ૬ ગાઉં ની યાત્રા નો પ્રારંભસંગીતકાર ગજાનન ઠાકુર ના સ્તવન થી કરુંછું"પરમ પુરુષનો પંથ મળ્યો છે ચાલો પાવન થઈએ,

સિદ્ધાચળ ની યાત્રા કરવા

ચાલો આપણે જઈએ" શત્રુંજયની જાત્રાનો પ્રારંભ જય તળેટીથી થાય છે. એક જમાનામાં તે મનમોહન પાગ તરીકે પ્રસિદ્ધ હતું.

"એકકું ડગલું ભરે, શંત્રુજય સમો જેહ ;

ઋષભ કહે ભવ - ક્રોડના, કર્મ ખપાવે તેહ. " જાત્રાનો પ્રારંભ કરતાં પહેલાં આપણે જય તળેટીએ આવી ને ગિરિ રાજ ને મસ્તક નમાવીને પ્રથમ ચૈત્ય વંદન કરીને યાત્રા નો પ્રારંભ કરીશું.ચાલો આપણે પણ દાદા ના ભાવ ગીતો ગાતા ગાતા ભાવ યાત્રામાં આગળ વધીએ.

"દાદા આદેશ્વર જી દૂર થી આવ્યો દાદા દરિશન દો "પર્વતાધિરાજની સ્પર્શના કરીને શત્રુંજયને ભેટવાનો લહાવો લઈએ.. જય તળેટીમાં આદિનાથ દાદા, ચોમાસુ કરનાર અજિતનાથ અને શાંતિનાથ, આઠમા ઉદ્ધારના ઉપદેશક અભિનંદન સ્વામી વગેરેનાં પગલાઓ તેમજ બાબુનું દેરાસર, જલમંદિર, રત્નમંદિર, સમવસરણ ના દર્શન કરીને આગળ વધીએ. લ્યો હવે આવ્યો હિંગળાજ માતાનો હડો (મંદિર)

(૧)હિંગળાજનો હડો (માહાત્મ્ય):-

હવે આપણે સતત સીધું ચઢાણ ચડવાનું છે.

હે□. આવ્યો હિંગળાજ હડો,

કેડે હાથ દઈને ચઢો,

ફૂટયો પાપનો ઘડો, બાંધ્યો પુણ્યનો પડો..સિંધુ નદી તરફ નાવિસ્તારમાંની શ્રી શંત્રુજગિરિરાજની યાત્રા કરવા આવતા યાત્રિકોને કરાંચીનાજંગલમાં હિંગુલ નામનો રાક્ષસ હેરાન કરતો હતો. નેમીનાથ પરમાત્મા ની અધિષ્ઠાયિકા અને સૌરાષ્ટ્ર દેશની રખેવાળી અંબિકાદેવીએ આ હિંગુલરાક્ષસનો પરાભવ કર્યો. હિંગુલરાક્ષસની વિનંતીથી તેઓ હિંગળાજમાતા તરીકે પ્રસિધ્ધ થયા. તેમની પ્રતિમાઅહીં પૂજાતી હોવાથી આ ભાગ હિંગળાજના હડા તરીકે ઓળખાય છે.

(૨)

દાદા ની ભક્તિ કરતા હનુમાનધારા, રામપોળ વાઘણ પોળ થઈને શાંતિનાથ દાદા ના દર્શન કરીને પાવન થઈને હીરાબાઈનો કુંડ, ભુખણદાસનો કુંડ, સૂરજકુંડ ને નિહાળી પાવન થઈએ. વારે ઘડીયે આજ સ્તવન માતા હૈયે અને હોઠે રમી રહ્યું છે.

"ઊંચા ઊંચા શેત્રુંજય ના શિખરો સોહાય, વચ્ચે મારા દાદા કેરા દેરાં ઝગમગ થાય."

વાઘણ પોળ પસાર કરીને હવે પ્રવેશ કરીએ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ(આદિનાથ દાદા )ના ભવ્યાતિભવ્ય જિનાલય માં. વીર વિજય ની ૯૯ પ્રકારી પૂજા ની ઢાળ ગાવાનું મન થાય છે.

"સિદ્ધાચળ શિખરે દીવો રે

આદેશ્વર અલબેલો રે.

ઈહાં મોક્ષ ગયા કેઈ કોટી રે

હવે હાથ પ્રભુ ઝાલો રે

શુભવીરને હૈડે વ્હાલો રે

આદેશ્વર અલબેલો રે."

(૨).આદિનાથ ભગવાન નું જીન મંદિર ઋષભદેવ પ્રભુના પ્રથમ ચક્રવર્તી પુત્ર ભરત મહારાજાએ અહીં સર્વ પ્રથમ જિનમંદિર નિર્માણ કર્યું. શત્રુંજય તીર્થ વિશ્વ ભરમાં કદાચ એકમાત્ર એવું તીર્થ છે કે જેમાં ડુંગર પર ૮૬૩ ઉપરાંત શિખરબંધી નાનાં-મોટાં દેરાસરો છે. જેમાં લગભગ ૧૭૦૦૦ ઉપરાંત પ્રતિમાઓ બિરાજમાન છે. ૬૦૩ મીટર ઊંચી શત્રુંજય પર્વતમાળા પર આવેલાં આ દેરાસરો મોટાભાગે આરસપહાણથી અને સફેદ પથ્થરોથી બંધાયેલાં છે. ત્યારબાદ અનેક તીર્થોદ્ધાર આ ક્ષેત્રમાં થયાં.આ ગિરિરાજ પર મોક્ષે ગયેલા આત્માઓ પણ અનંત છે. વિશાળ ગિરિરાજની તસુએ તસુ ભૂમિ એક એક કંકર પર ધ્યાનસ્થ બની મુનિવરો આત્મકલ્યાણ સાધી સિદ્ધગતિ ને પામ્યા છે. જ્યાં આ તીર્થનાં દર્શન-સ્પર્શ કરનાર આત્મા અવશ્ય ભવ્ય જ હોય આરાધનાનો કરોડ ગણો લાભ અત્યંત મહિમાશાળી છે.ધાર્મિક માન્યતા અનુસાર એવું માનવામાં આવે છે કે દાદા ની મૂર્તિ ની પ્રાણ પ્રતિષ્ઠા બાદ દાદા એ સાત વાર શ્વોચ્શ્વાસવાસ

લીધા હતા.

(૩)રાયણ વૃક્ષ નો મહિમા:-

રાયણ વૃક્ષ ના દર્શન કરતાં ભાવ ગીત સ્ફુરે છે"જેવી રાયણ વૃક્ષ ની છાયા,એવી આદિશ્વર ની માયા"

અષ્ટાપદજી તીર્થથી આગળ વધીએ નાની મોટી દેરીઓમાં રહેલા ભગવંતોને વંદના કરતા રાયણવૃક્ષ પાસે આવી પહોંચ્યા છીએ..આ રાયણવૃક્ષ શાશ્વત છે. શ્રી આદેશ્વર ભગવાન ૯૯ પૂર્વવાર (૧ પૂર્વ =૭૦૫૬૦ અબજ) આ રાયણવૃક્ષ નીચે સમોસર્યા કર્યા હતા. તેથી આ વૃક્ષ તીર્થની જેમ જ વંદનીય છે.આ વૃક્ષનું પૂજન કરવાથી શાકીની -ભૂત -વૈતાળ -રાક્ષસ આદિનો વળગાડ પણ દૂર થઈ જાય છે.

રાયણવૃક્ષમાંથી જેના ઉપર દૂધ ઝરે તે આત્મા ત્રીજા ભવે મોક્ષે જાય છે.

(૪).રાયણપગલાં ના દર્શન :-

આ શંત્રુજય ગિરીરાજ ઉપર જે જે તીર્થંકર પરમાત્મા પધારે છે. તે તમામનો સમવસરણ આ રાયણવૃક્ષ નીચે મંડાય છે. આ વૃક્ષની નીચે, સુરાસુરેન્દ્રોએ સેવેલ શ્રી આદેશ્વર ભગવાનની ચરણ પાદુકા છે. જે રાયણ પગલાં તરીકે પ્રસિદ્ધ છે. તેની પ્રતિષ્ઠા કર્માશાએ કરાવી છે.

હવે તીર્થપતિ શ્રી આદીશ્વરદાદાને ભાવપૂર્વક ભેટી રામપોળથી બહાર નીકળી જમણી તરફના રસ્તેથી છ ગાઉ પ્રદક્ષિણાયાત્રાનો પ્રારંભ કરીએ.

(૫)દેવકી ના ૬ પુત્રોની પ્રતિમા ના દર્શનઃ- જમણી બાજુ ઊંચી દેરીમાં દેવકીજીના છ પુત્રોની પ્રતિમાનાં દર્શન થાય છે. આ છ પ્રતિમાઓની કથા આ પ્રમાણે છે કે વાસુદેવની પત્ની દેવકીએ કૃષ્ણજીની પહેલાં ક્રમશઃ છ પુત્રોને જન્મ આપ્યો હતો.તેઓ મોટા થઈ શ્રી નેમિનાથ પ્રભુ પાસે દીક્ષા લઈ સાધના કરવા લાગ્યા. ત્યાર પછી આ છએ મુનિઓ કેવળજ્ઞાનને પામ્યા અને આ શત્રુંજયગિરિ પર મોક્ષે ગયા.

(૬) ચિલ્લણ સરોવરઃ-(ચંદન તલાવડી)

શ્રી યુગાદિદેવના સુધર્મ નામે એક ગણધર હતા. તે ગણધરના ચિલ્લણ નામના એક મહાતપસ્વી શિષ્ય પશ્ચિમ માર્ગથી ગિરિરાજ પર ચડી રહ્યા હતા. કૃશ થયેલી તેમની કાયા તેમની ઉગ્ર તપસાધનાનો પરિચય કરાવતી હતી. મુખમંડલ પર ચમકતા તેજવર્તુળો લબ્ધિધર મુનિ તરીકેની તેમની ઓળખ આપતા હતા. ભવ્યજનોના વિશાળ વૃંદથી મુનિવર પરિવૃત્ત હતા. ૧૦યોજનનું ચઢાણ ચડયા પછી તે ભક્તજનો તૃષાતુર બન્યા. તૃષાની પીડા અસહ્ય બનતા તેમણે તપસ્વી મુનિને કાંઈક ઉપાય કરવા વિનંતી કરી. તપની લબ્ધિથી ભરપૂર જળ નિષ્પન્ન કરવા આ તપસ્વી મુનિને તેમણે પુનઃપુનઃ વિનંતી કરી.સંઘનું સાન્નિધ્ય ઈચ્છનારા ચિલ્લણ મુનિવરે તપોલબ્ધિથી એક સુંદર સરોવર ત્યાં નિષ્પન્ન કર્યું. અમૃત ના સ્વાદનેય ટપી જાય તેવો આ સરોવરના નિર્મળ જળ નો મધુર આસ્વાદ માણીને તે સહુ તૃષામુક્ત બન્યા.મુનિવરના નામથી તે સરોવર "ચિલ્લણ સરોવર"ના નામથી પ્રસિદ્ધ બન્યું. અપભ્રંશ થતા આજે તે 'ચંદન તલાવડી'ના નામથી ઓળખાય છે.

સરોવર સર્વોપકારી હોવાથી અત્યંત પવિત્ર ગણાય છે. આ સરોવરના જલથી સ્નાન કરવું તે પણ શુદ્ધિ અને સિદ્ધિનું કારણ બને છે. આ સરોવરના જલનું પાન પણ પુનિત કરનારું છે. તેના જલથી પ્રભુનો અભિષેક કરવાથી અનાદિના કર્મમળ ધોવાઈ જાય છે. આ સરોવરના જલથી સ્નાન કરી જે પ્રભુના ચરણોનું પ્રક્ષાલન કરે છે, તે એકાવતારી થઈને મુક્તિ પામે છે.

(૩)

(૭)ભાડવા નો ડુંગર(પર્વત):-આ ગિરિ નો મહિમા "શેત્રુંજય સાર "(પાન નંબર ૪૫૦ ૫૨) માં વર્ણવ્યો છે.

એક વખત દ્વારકા નગરી માં પ્રભુ નેમનાથ પધાર્યા. ત્યારે કૃષ્ણ મહારાજ એ પૂછ્યું કે"મારી દ્વારિકા નાશ સ્વાભાવિક થશે કે કોઈ નિમિત્ત થી?.આ ઉપરાંત વૈશ્યમપાવન ઋષિ ના નિયાણા વિષેની વાત કરી અને પ્રભુની દેશના સાંભળીને વૈરાગી બનેલા શાંબ,પ્રદ્યુમ્ન વિગેરે અનેક યાદવો એ દીક્ષા ગ્રહણ કરી.તે પછી દ્વારિકા વિલય, કૃષ્ણ મહારાજ નું મૃત્યુ આદિ વાતો સાંભળી પ્રદ્યુમ્ન મુનિ ઘોર તપ કરવા લાગ્યા.લઘુસિંહ નિષક્રીડી,મહા સિંહ નિષ ક્રીડી તપ, પદમોત્તર,મહા ભદ્ર,સર્વતોભદ્ર,એકાવલી,મુક્તાવલી,રત્નાવલી,સર્વાંગ




સુંદર, વિગેરે તપો દ્વારા કાયાને કષી ને તેઓ અનિત્ય, અશરણ સંવાહ આદી ભાવનાઓને નિરંતર આત્મા માં ભાવિત કરતા શેત્રુંજય ગિરિ ના પાંચમા શિખર ભાડવા ડુંગર આવ્યા.અનશન સ્વીકારીને ૮-૧/૨ (સાડા આઠ ક્રોડ મુનિઓની સાથે ફાગણ સુદ ૧૩ ના દિવસે ઘાતિ કર્મનો ક્ષય કરી કેવળ જ્ઞાન પામ્યા.અંત મુહૂર્ત પછી શેષ ચાર ઘાતિ કર્મનો ક્ષય કરી નિર્વાણ પામીને અજરામર પદ ને પામ્યા. અહીં લોકો "નમો સિદ્ધાણમ"કહીને અતિશય ભાવ થી ચૈત્ય વંદન કરીને વિદાય લે છે.

(૮) સિદ્ધવડ :- ભાડવા ગિરિ થી નીચે ઉતરતા એક વિશાળ વડ નજરે પડે છે જેને "સિદ્ધવડ" તરીકે ઓળખવામાં આવે છે. અહીં અનેક આત્માઓસિદ્ધગતિ ને પામ્યા છે. અહીં દેરી માં ભગવાન ઋષભ દેવ ના પગલાં છે.યાત્રાળુઓ છેલ્લું ચૈત્ય વંદન કરીને અહીં છ ગાઉં ની યાત્રા પૂર્ણ કરે છે.પહાડ ઊતરીને આવેલા યાત્રિકો માટે અનેક પાલ (મંડપ-પેવેલિયન) બાંધવામાં આવે છે. જેમાં વિવિધ પ્રકારની વાનગીઓ યાત્રિકો આરોગી શકે છે. એકવાર જોવા જેવું અને જાણવા જેવું આ દ્રશ્ય જોનારને ભાવનાથી ભીંજવી દે છે. કેટલાય પુણ્યાત્માઓ પહાડ ઊતરતા યાત્રિકોને ધન્ય માનીને દૂધથી તેમના ચરણો પણ ધુએ છે.

મારા રચેલા લોકપ્રિય સ્તવન થી આ લેખ ને વિરામ આપીશ."દાદા તારે દ્વારે અમે આવ્યા,
તારું નામ લઈને તરવાના
ગુણલા તારા નિસદિન ગાવાના
તારું નામ લઈને તરવાના."

પરમાત્માની કૃપાથી ૨૦૧૫ માં મેં પણ માત્ર જળ ગ્રહણ કરીને ફાગણ સુદ તેરસ ની શેત્રુંજય ની યાત્રા ભાવપૂર્વક કરી હતી.

જય જય દાદા આદિનાથ.



# ગુજરાતી સિનીયર ગ્રુપ ઓફ બ્રેમ્પટન દ્વારા "प्यार हुआ एकरार हुआ" થીમ હેઠળ વિશિષ્ટ કાર્યક્રમ





## પ્રેમ અને ભક્તિના રંગે રંગાયેલું સિનીયર ગ્રુપનું સાંસ્કૃતિક સંમેલન







## વેલેન્ટાઈન ડે અને મહાશિવરાત્રીના સંગમ સાથે સંગીત-નૃત્ય અને ભક્તિભાવનો આનંદમય કાર્યક્રમ

ગુજરાતી સિનીયર ગ્રુપ ઓફ બ્રેમ્પટનની 1 માર્ચ 2026ની માસિક બેઠક Gore Meadows Library ખાતે યોજાઈ હતી. મીટિંગની શરૂઆત '**ॐ तत् श्री नारायण**' પ્રાર્થના સાથે કરવામાં આવી. આ મહિનાની થીમ "**प्यार हुआ एकरार हुआ**" રાખવામાં આવી હતી, જેમાં Valentine's Day અને મહાશિવરાત્રીનો ભાવસભર સમાવેશ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં કૌશિકભાઈ પંડ્યાએ થીમના ગીત પર સભ્યોને કસરત કરાવીને સૌમાં ઉત્સાહ જગાવ્યો. ત્યારબાદ દક્ષાબેન રાજાએ Valentine's Day તેમજ મહાશિવરાત્રીની સૌને અંતઃકરણપૂર્વક શુભેચ્છાઓ પાઠવી અને બંને તહેવારોનું મહત્વ સુંદર શબ્દોમાં સમજાવ્યું. તેમણે કમિટી મેમ્બર્સ, કીચન કમિટી તેમજ તમામ સભ્યો ભાઈ-બહેનોનું હાર્દિક સ્વાગત કર્યું.

હર્ષદભાઈ પટેલે સંસ્થાકીય માહિતી આપી તેમજ સ્પોન્સરોની જાહેરાત કરી. નાસ્તામાં સ્વાદિષ્ટ ખીચુ સાથે અથાણાનો સંભાર અને મીઠાઈમાં સુખડી પીરસવામાં આવી. સાથે મસાલેદાર ચાનો પણ સૌએ આસ્વાદ લીધો. ખીચુના સ્પોન્સર પટેલ ઈન્દ્રવદનભાઈ અને દક્ષાબેન હતા, જ્યારે સુખડીના સ્પોન્સર પટેલ ગુણવંતભાઈ અને સરોજબેન હતા.

ત્યારબાદ આ મહિનામાં આવતી સભ્યોની જન્મદિવસ અને એનિવર્સરી ઉજવવામાં આવી. ખાસ કરીને શિલાબેન નેગાંધીની 86મી વિશેષ જન્મદિવસ ઉજવવામાં આવી. આ પ્રસંગે દક્ષાબેન અને હર્ષદભાઈએ તેમને ઉપરણું ઓઢાડી સન્માનિત કર્યા.

કાર્યક્રમની શરૂઆત ઉત્સાહભર્યા શિવ-તાંડવ નૃત્યથી કરવામાં આવી. આ નૃત્ય Eva Patel, Arna Patel અને Aarya Patel (અરવિંદભાઈ પટેલની પૌત્રીઓ) દ્વારા સુંદર રીતે રજૂ કરવામાં આવ્યું. સુંદર વસ્ત્રાલંકાર સાથે સજ્જ આ બાલિકાઓને દક્ષાબેન રાજા તથા તમામ સભ્યો દ્વારા તાળીઓના ગડગડાટ સાથે વધાવી આશીર્વાદ આપવામાં આવ્યા.

ત્યારબાદ કુસુમબેન જગજીવને "જય જય શંકરા!!" ગીત પર સુંદર સોલો નૃત્ય રજૂ કર્યું. ભાનુભાઈ મિસ્ત્રીએ "**लहेरोपे लहरें, लहेराती जटा**" શિવભજન ગાઈ સૌને ભક્તિમય બનાવ્યા. "**मेरा प्यार भी तू है**" ગીત પર જગદીશભાઈ અને ઈન્દુબેને મનમોહક કપલ ડાન્સ રજૂ કર્યો.

આગળ અમીતાબેન, ચારુબેન અને તેમની ટીમે "**प्यार किया तो डरना क्या**" ગીત પર ઉત્કૃષ્ટ પ્રસ્તુતિ આપી અને સૌને આનંદિત કર્યા. કૌશિકભાઈ પંડ્યાએ "**चाँद सी महेबूबा हो मेरी कब!**" ગીત પોતાના મધુર અવાજમાં ગાઈ સૌને મંત્રમુગ્ધ કર્યા.

"છોકરી મને ગમવા લાગી!" ગીત પર વર્ષાબેન શાહ અને અરૂણભાઈ ભટ્ટે કપલ ડાન્સ રજૂ કર્યો. Remix Valentines old songs પર પદમાબેન, કલ્યાણીબેન અને તેમની ટીમે અદ્ભુત પ્રસ્તુતિ આપી સૌને ખુશ કર્યા. અરૂણભાઈ દવેએ તેમના સુરીલા કંઠે "**सो बरस की जिंदगी से**" અને "**पूकारता चला हूँ मैं**" જેવા ફિલ્મી ગીતો રજૂ કર્યા.

"All India માં એક તું મને ગમે!" ગીત પર જગદીશભાઈ પટેલ અને તેમના ગ્રુપે સુંદર પ્રદર્શન કર્યું. ત્યારબાદ સુશીલાબેન જોષીએ ફિલ્મી ગીત પર સોલો ડાન્સ રજૂ કર્યો.

કાર્યક્રમના અંતે દક્ષાબેન રાજાએ કમિટી, કીચન કમિટી, અનિલભાઈ જેઠવા, શિલાબેન નેગાંધી, જ્યોતિબેન શાહ, દેવયાનીબેન પટેલ, દક્ષાબેન એમ. પટેલ તેમજ ફોટોગ્રાફી માટે અનિલભાઈ પટેલ અને કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ કલાકારો તથા કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહયોગ આપનાર સૌનો દિલથી આભાર વ્યક્ત કર્યો.

ત્યારબાદ સૌએ સ્થાપિત દેવોના દેવ મહાદેવની ભાવપૂર્વક સમૂહ આરતી કરી અને ભગવાન શિવને નમન કરીને ધન્યતા અનુભવી.

ભોજનમાં લાપસી, રીંગણનો ઓળો, કઢી-ખીચડી, ઢેબરા, અથાણું અને પાપડ-પાપડી જેવી સ્વાદિષ્ટ વાનગીઓ પીરસવામાં આવી. સૌએ આ સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણ્યો અને ફરી મળવાની આશા સાથે વિદાય લીધી.

આગામી બેઠક 5 એપ્રિલ 2026ના રોજ Gore Meadows Library ખાતે યોજાશે. તેની થીમ "ચાલો રંગે રમીએ" રહેશે, જેમાં હોળી-ધુળેટી, રામનવમી અને જૈન સંવત્સરીનો સમાવેશ રહેશે. કાર્યક્રમ માટે Dress Code "Colourful" રાખવામાં આવ્યો છે.